RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 4, Year: 70, July, 2023, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમ:।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉજવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુ:ખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ આ એક વર્ષ દરમ્યાન માં ટોટલ ૩૯૨૯ જીવો છોડાવેલ છે.**

ચેક અથવા ડ્રાફટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD. | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | |
|---|---|
| Bank Name : BANK OF INDIA | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી** — **જતીનભાઈ ફકીરચંદ**
**પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી** — **શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા**
**વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી** — **ઉષાકાંત સાકેરચંદ ઝવેરી**
**નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી**

Advt.

લીંબડી ગેડી નિવાસી હાલ સાયન

# સ્વ. છબીલદાસ ચુનીલાલ શાહ ગેડીવાળા તથા માતુશ્રી સ્વ. જયાબેન છબીલદાસ શાહ પરિવાર તરફથી

## લોનાવલા ભોજનાલય ના નૂતનીકરણ માટે

# રૂા. ૧૧ લાખનું અનુદાન





**હસ્તે તેમના સુપુત્રો**

**શ્રી ભરતભાઈ છબીલદાસ શાહ**

**શ્રી ધનેશભાઈ છબીલદાસ શાહ**

**શ્રી સ્વ. રાજેષભાઈ છબીલદાસ શાહ**

**શ્રી સંજય છબીલદાસ શાહ**

## સમસ્ત ગેડીવાળા પરિવાર તરફથી

ભરતભાઈ ઝાલાવાડી સ્થા. જૈન સભા લીંબડી કેળવણી મંડળની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સાયન ઘાટકોપરની વિવિધ સંસ્થાઓ સાથેની સમાજ ઉપયોગી કાર્યોમાં ઘણા વખતથી સેવા આપી રહ્યા છે અને હાલમાં તેમના પુત્ર શ્રી પ્રીતુલભાઈ ઝાલાવાડી સભાની કમિટી મેમ્બરામાં ચુંટાઈ આવ્યા છે અને તેઓ પણ લોનાવલા સેનેટોરિયમ ના નૂતનીકરણ માટે તન મન ધનથી પ્રોજેક્ટ પર ધ્યાન આપી રહ્યા છે.

પરિવાર ધર્મપ્રેમી, સેવાભાવી અને ઉદારદીલના સ્વભાવવાળો હોવાથી જ્યારેપણ ટહેલ કરવામાં આવે ત્યારે તેમના સહયોગ સાંપડયો છે.

ઝાલાવાડી સભા તેમના અનુદાનની ભાવભરી અનુમોદના કરે છે. અને સહયોગ બદલ આભારી છે.

# BIO DATA



| | | |
|---|---|---|
| Name | : | Nisheeth Bharatbhai Doshi |
| Date of Birth | : | 12-12-1993 (11:50 AM) |
| Native | : | Limbdi, Dist - Surendranagar |
| Cast | : | Sthanakwasi Jain Visa Shrimali (SHRI LAKHTARIYA DOSHI) |
| Height/Weight | : | 5'.5"/60 Kg. |
| Education | : | Master of Computer Application (L J College Ahmedabad - 2016) |
| Occupation | : | Working as a Senior Software Engineer in IT Company (Intelivita - 402-403, Signature1, S.G Hwy, Makarba, Ahmedabad) |
| Contact | : | 78746 59553, nisheethdoshi1212@gmail.com |
| Residence | : | E-501 Aditi Avenue, Near Radhesh Banquet Hall, Vande Matram Road, Chandlodia, Ahmedabad. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Sukhlal Chunilal Doshi |
| Grand Mother | : | Late Vimalaben Sukhlal Doshi |
| Father | : | Bharatbhai Sukhlal Doshi |
| Occupation | : | Working as a Manager at Khadi Bhandar (Limbdi) |
| Native Residence | : | Mota Mandir Road, Doshi Street, Limbdi - 363421 |
| Mother | : | Late Jayshreeben Bharatbhai Doshi |
| Uncle | : | Vinodkumar Sukhlal Doshi |
| Aunt (Fiya) | : | Rekhaben Sukhlal Doshi |
| Younger Brother | : | Krunal Bharatbhai Doshi (B. Sc. IT) |
| Mosal | : | Pramodbhai Maheta (Ratanpar) |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Contact No. | : | 94268 89620 (Father), 02753 260279 (Father office) |
| | | 99255 66505 (Uncle) |
| | | 84603 14744 (Brother) |

Advt.

# BIO DATA

# Krina Kirit Shah



| | | |
|---|---|---|
| Birth Date | : | 18th June 1996 |
| Birth Time | : | 10:11 am |
| Birth Place | : | Malad Mumbai |
| Height | : | 5'-5" |
| Caste | : | Zalawadi Vishashrimali Sthanakvasi Jain |
| Native Place | : | Rampura (Wadhwan) |
| Education | : | BBI & PG Diploma in Banking & Finance |
| Profession | : | Associate at BNP PARIBAS INDIA SOLUTIONS PVT LTD |
| Hobbies | : | Music, Dancing, Baking & Travelling |
| Email | : | krinaashah1806@gmail.com |

## FAMILY BACKGROUND

| | | |
|---|---|---|
| Father | : | Kirit Trambaklal Shah |
| Occupation | : | Manufacturer of Paints Kinjal Paints - Bhayander |
| Contact No. | : | 9773999423 |
| Mother | : | Pina Kirit Shah |
| Occupation | : | Housewife |
| Contact No. | : | 9773999424 |
| Address | : | B/22 Gautam Gyan Bldg No. 1 Damodarwadi Ashok Nagar Kandivali East Mumbai - 400101. |
| Sister | : | Krupali Jayesh parmar |

## PATERNAL & MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grandfather | : | Late Trambaklal Mangaljibhai Shah |
| Grandmother | : | Late Induben T Shah |
| Uncle (Kaka) | : | Jashvant T. Shah - 9773999421 |
| Uncle (Kaka) | : | Jignesh T. Shah - 9820799255 |
| Nana | : | Champaklal Keshavlal Shah - Halvad (Malad) |
| Nani | : | Shardaben C. Shah |
| Mama | : | Nimesh C Shah - 9819690561 |
| Mama | : | Bhavesh C Shah - 7977533482 |
| Mama | : | Milan J Shah - 8369561521 |

Advt.

# શેઠ પરિવારનું ગૌરવ

સાયલા નિવાસી હાલ કાંદિવલી(ઈ)
માતુશ્રી શાંતાબેન કાંતિલાલ શેઠના પૌત્ર
બેન જિનલ નો લાડકો ભાઈ અને
મીનાબેન પ્રકાશભાઈ શેઠના સુપુત્ર

# ચિ. મનન



કુળદિપક થઈ કુળને અજવાળ્યું. સફળતાને વરી શૈક્ષણિક ક્ષેત્રે કુળનું ગૌરવ વધાર્યુ. પરમકૃપાળૂ પરમાત્મા અને સરસ્વતીમાં ની કૃપાથી અમેરીકામાં નૉર્થ ઈસ્ટર્ન યુનિવર્સીટી (બોસ્ટન)માંથી કૉમ્પ્યુટર સાયંસ માં માસ્ટર ડીગ્રી ઉચ્ચ ક્રમાંકે પ્રાપ્ત કરી છે. એ માટે હાર્દિક અભિનંદન અને ભવિષ્યની અનેક સફળતાઓં માટે શુભાષિશ.

**-: શુભેચ્છકો :-**

**બેન-બનેવી** : જીનલ ચિંતનકુમાર ગોસલીયા (બોરિવલી)
**ફૈબા-ફુવા** : આરતી કિશોરકુમાર ગોસલીયા. ઋષભ અને ડૉલી (મલાડ)
**નાના-નાની** : ઇન્દુબેન રસીકલાલ પારેખ (અંધેરી)
મામા - મામી તથા માસા - માસીઓ

Advt.



# સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે
# શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

**Education is the most powerful weapon to change the society**

**સંપન્ન સમાજની રચના માટે શિક્ષણ સહુથી અસરકારક અને મહત્ત્વનું પરિબળ છે, આ સત્ય સહુને સમજાઈ ગયું છે.**

**ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટીના સભ્યો કાર્યરત થયા અને ઊંચી ઉડાન માટે આપણે પાંખો પ્રસારી... સમૃદ્ધ સમાજના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે મહત્ત્વની યોજનાઓ આકાર પામી.**

## ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અંતર્ગત... મુખ્ય સ્કીમ

**ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ અને હાયર એજ્યુકેશન ફંડ**

માટે ડોનર્સના નામ આવી ગયા છે. ઉપરાંત ૨૦૧૮ માં શરૂ કરેલ શૈક્ષણિક ઉત્કર્ષ યોજના અન્વયે નીચે જણાવેલ સ્કીમમાં ૭૦ જેટલા દાતાઓએ પોતાનું યોગદાન આપેલ છે. દાતાઓના અનુદાનથી અત્યાર સુધીમાં ફોરેન લોન માટે રૂા. ૧,૨૨,૦૦,૦૦૦/– તથા ભારતમા હાયર એજ્યુકેશન માટે રૂા. ૩૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧,૫૭,૦૦,૦૦૦/– (એક કરોડ સત્તાવન લાખ) ૧૧૪ વિદ્યાર્થીઓને લોન આપવામાં આવેલ છે. જેના થકી આપણા સમાજના સંતાનો પોતાના ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો પરિપૂર્ણ કરવા સમર્થ બન્યા છે.

ઝાલાવાડી સભાના માતબર સભ્યોના આગ્રહને માન આપીને એજ્યુકેશન માટે નિમ્ન લિખિત સ્કીમમાં દાનનો પ્રવાહ વહેરાવવા વિનંતી. આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉપયોગી થવા માટે આ સ્કીમ ફરીથી આપની સમક્ષ રજૂ કરીએ છીએ. જેમા આપશ્રી સહભાગી બની આ સ્કીમને સાકાર કરવા સ્કીમમાં જોડાવા માટે અપિલ કરવામાં આવે છે.

**(૧) Post Graduation Fund (૨) Post Graduation Fund for Girls**

આ બન્ને યોજના અન્વયે દાતાએ ૧.૫૦ કરોડનું અનુદાન આપવાનું રહેશે. આ અનુદાન પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૩૦ લાખ આપીને) પરિપૂર્ણ કરવાનું રહેશે.

**(૩) Star Donor :** આ યોજના અંતર્ગત ૫૦ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Star Donor – બનશે. ૫૦ લાખ રૂા. નું આ અનુદાન દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખ આપીને) પૂર્ણ કરવાનું રહેશે.

**(૪) Platinum Donor :** આ યોજના અનુસાર ૨૫ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Platinum Donor – બનશે. ૨૫ લાખ રૂા. ની રકમ દાતાએ પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૫ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૫) Diamond Donor :** આ યોજના મુજબ ૧૧ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Diamond Donor – બનશે. ૧૧ લાખની રકમ દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૨.૨૦ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૬) Golden Donor :** પ્રસ્તુત યોજનામાં પાંચ લાખ આપનાર દાતા – Golden Donor – બની શકશે. પાંચ લાખની રકમ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

**(૭) Silver Donor :** આ યોજના અનુસાર ત્રણ લાખ રૂા. આપનાર દાતા ઝાલાવાડી સભાના – Silver Donor બની શકશે. દાતાએ ત્રણ લાખ રૂા. ની રકમ ત્રણ વર્ષમાં (પ્રતિ વર્ષ એક લાખ રૂા.) પૂર્ણ કરવાની રહેશે.

**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટી – સેક્રેટરી
મો. ૯૮૨૦૦૬૯૬૫

**પંજકભાઈ વી. સંઘવી**
ટ્રસ્ટી – ઉપપ્રમુખ
મો. ૯૮૨૦૦૪૦૭૧૯

**પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
ટ્રસ્ટી – પ્રમુખ

**મહેશભાઈ પી. વોરા**
ટ્રસ્ટી
મો. ૯૮૨૧૫૬૯૩૮૩

**મયંકભાઈ જે. શાહ**
ટ્રસ્ટી
મો. ૯૮૨૦૦૬૭૯૫૮

**કિરીટભાઈ વી. શેઠ**
ટ્રસ્ટી
મો. ૯૮૨૦૦૬૩૭૮૩

# શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ (મુંબઈ)

કુટુંબની **સુવર્ણ જયંતી ઉજવણી નિમિત્તેનો** ફરી એક યાદગાર ભવ્યાતિભવ્ય પ્રોગ્રામ **૧૧-૬-૨૦૨૩ રવિવારનાં** રોજ આજીવાસન હોલ- સાંતાક્રુઝ ખાતે યોજવામાં આવેલ જેમાં નાના-મોટા ૩૦૦ કુટુંબીજનોએ ભાગ લીધેલ આ પહેલા **સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે રામવાડી ખાતે તેમજ લોનાવલા ખાતે ૩ દિવસનો ભવ્ય પ્રોગ્રામ યોજેલ.**

આજે સંપૂર્ણ ઝાલાવાડ સમાજમાં લીંબડી સંઘવી કુટુંબ અગ્રસ્થાને રહેલ છે. સંપૂર્ણ યશ પ્રમુખશ્રી ગીરીશભાઈ-ઉપપ્રમુખશ્રી પંકજભાઈ સંઘવીએ તેમજ સમસ્ત કારોબારીને જાય છે.

કુટુંબની વાર્ષિક સામાન્ય સભામાં નીચે મુજબ કારોબારી નક્કી કરવામાં આવેલ.







| | | | |
|---|---|---|---|
| શ્રી ગીરીશભાઈ ભગવાનલાલ | - પ્રમુખ | શ્રી નરેન્દ્રભાઈ વ્રજલાલ | - સભ્ય |
| શ્રી પંકજભાઈ વસંતલાલ | - ઉપપ્રમુખ | શ્રી અનીલભાઈ હીંમતલાલ | - સભ્ય |
| શ્રી સમીરભાઈ ચંપકલાલ | - મંત્રી | શ્રી દક્ષેસભાઈ નગીનદાસ | - સભ્ય |
| શ્રી પ્રિતેષભાઈ ભરતભાઈ | - મંત્રી | શ્રી જીગીશભાઈ પ્રમોદભાઈ | - સભ્ય |
| શ્રી નરેન્દ્રભાઈ ધીરજલાલ | - સહ-મંત્રી | શ્રી નયનેશ હરેશકુમાર | - સભ્ય |
| શ્રી સુધીરભાઈ જયંતીલાલ | - ટ્રેઝરર | શ્રી પરેશભાઈ સુર્યકાંતભાઈ | - સભ્ય |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જુલાઈ ૨૦૨૩
વર્ષ : ૭૦ : : અંક : ૪
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# ગુરુ પૂર્ણિમા....

ભણતર સાથે ગણતરનું જ્ઞાન આપે.... એ છે મારા ગુરુ..
પણ જન્મ મૃત્યુના બંધન થી છોડાવી મોક્ષ અપાવે આ છે
મારા આધ્યાત્મિક ગુરુ.....
કહેવાય છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે....
તો તો પછી મારી માતા જ મારી સાચી ગુરુ કહેવાય ને.....
ગુરુ પૂર્ણિમા પર્વના શુભ દિવસે ત્રણેવ ગુરુના ચરણ કમળમાં
મુજ શિર જુકાવી વંદન કરું છું.... અને...
મુજ અપરાધ ને માફ કરજો એવી વિનંતિ કરું છું....
પ્રભુ તુજ કને શું માંગુ....
ભવો ભવ આજ ગુરુ મૂજને મળે ને મારી ગુરુ પૂર્ણિમા ફળે...
ગુરુ ગોવિંદ દોનો ખડે..
કાકો લાગુ પાય....
બલિહારી ગુરૂ આપકી જિસને ગોવિંદ દિયો બતાય.... જી ના....
બલિહારી મુજ માતાની જેનું ઋણ કદી ના ચૂકવાય....

**સંકલન : પૂર્વી આશિષ શાહ**

**સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**
M. : 9867540501
Email Id. :sharadgandhi51@gmail.com

# નારી શક્તિનું હિન્દુસ્તાનમાં યોગદાન

શ્રીમતી બિન્દૂ એસ. નાગ્રેચા

એકવીસમી સદીમાં સ્ત્રીની સત્તા તેમ જ વર્ચસ્વ સર્વત્ર છવાઈ ગયું છે. નારીએ ઘરનો મોભ છે એ એણે સિદ્ધ કરીને બતાવ્યુ છે ઘરના અન્ય સભ્યોએ આ વાસ્તવિકતાને સહર્ષ સ્વીકાર કર્યો છે. ઘરના ઉંબરાની બહારનું એવું એક પણ ક્ષેત્ર નથી જ્યાં સ્ત્રીએ પોતાની શક્તિનું પ્રદર્શન ન કર્યું હોય પોતાનું મહત્ત્વ સાબિત ન કર્યું હોય. તો ચાલો આજે આપણે પરિવાર સમાજથી આગળ વધીને આપણા દેશે નારી શક્તિને કારણે ઉન્નતિ કરી છે, સફળતાના સોપાનો સર કર્યા છે, તેની વિગતવાર વિસ્તારપૂર્વક ચર્ચા કરીશું.

ઈતિહાસમાં ડોકિયું કરીએ તો પ્રાચીન કાળમાં સ્ત્રીને દેવી સ્વરૂપ માનવામાં આવતી. ઘરને સ્વચ્છ રાખવા માટે તથા ઘરના સભ્યોને સ્વસ્થ રાખવા માટે આપણે રોજ ઘરમાં વાસીદું વાળીએ છીએ જેથી ગંદગી દૂર થાય એ પ્રમાણે દેશમાંથી અનિષ્ઠા તથા આસુરીવૃત્તીનો નાશ કરવા માટે દેવીઓએ અને અસુરોનો વધ કરીને. દેશના વિકાસની આડે આવતાં અવરોધો દૂર કરીને પ્રગતીના પંથને નિષ્કંટક બનાવ્યો.

જે કર (હાથ) ઝુલાવે પારણું તે જગત ઉપર શાસન કરે ! દેશને સુખી તથા સમૃદ્ધ બનાવવો હોય તો 'સત્તા' અનિવાર્ય છે. કુરિવાજ, અંધશ્રદ્ધા વિ. ને નાબૂદ કરવા માટે તેને કાયદાનું સ્વરૂપ આપવું પડે છે. જેથી એ ફરજીયાત બની જાય અન્યાયની સામે લડત આપવા માટે રાજકારણ એક ઉત્કૃષ્ટ માધ્યમ છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજોએ લાદેલા કાયદાનો અસ્વીકાર કર્યો ખુમારીપૂર્વક લડતાં, લડતાં હસતે મુખે મૃત્યુને વહાલું કર્યુ. 'જીજીબાઈના' નામથી અબલા-વૃદ્ધ (બાળકો થી લઈને વૃદ્ધ સુધીનો દરેક વ્યક્તિ) પરિચિત છે.તેઓએ સત્તા ગ્રહણ ન કરી, પરંતુ પડદા પાછળ રહીને દોરી સંચાર કર્યો. 'શિવા'માં એમણે એવા સુસંસ્કારોનું સિંચન કર્યું. જેથી શિવાજીએ સુરાજ્યની સ્થાપના કરી. શિવાજી 'માં'ની આજ્ઞાનું કદાપિ ઉલ્લંઘન કરતા નહી તથા જીજામાં ના અભિપ્રાય, સંમતિ અને આશીર્વાદ સિવાય એક પણ નિર્ણય ન લેતા હતા. અહલ્યાબાઈ હોલકરે પતીના અવસાન બાદ ઈંદોર રાજ્યનું સુકાન સંભાળ્યું અને સુપેરે શાસન કર્યું.

સ્વરાજ્યની લડતમાં 'નારી' અગ્રેસર હતી. તદુપરાંત સીમાનું સંરક્ષણ કરતાં આપણા વીર જવાનો માટે સ્વેટર ગૂંથવા નાસ્તાના પેકેટ તૈયાર કરવા જેવા કાર્ય કરીને દેશની પ્રત્યક્ષ તથા પરોક્ષ બને પ્રકારે દેશની સેવા કરી. હિન્દુસ્તાનના રાજકારણમાં શ્રીમતી ઈંદિરાગાંધીનું નામ સ્વર્ણાક્ષરે અંકિત થયેલું છે. તેમને 'લોખંડી' મહિલાનું બિરૂદ મળેલું, પોતાના પારિવારિક જીવનનું બલિદાન આપીને તેણે દેશસેવા કરી. આજે તેમના પૌત્ર, પૌત્રી તથા પુત્રવધુ રાજકારણમાં સક્રિય છે. સંગીતના ક્ષેત્રે લતા મંગેશકરે દેશની કિર્તી વધારી. જેને આપણે ભારતની 'બુલબુલ (કોયલ)'ના નામથી ઓળખીએ છીએ. તેઓ એટલા લોકપ્રિય છે કે પાકિસ્તાને એવી દરખાસ્ત મુકેલી કે તમે અમને લતાજી આપો બદલામાં અમે તમને કાશમીર સોંપી દઈશું.

શિક્ષણના ક્ષેત્રની વાત કરીએ તો સાવિત્રીબાઈ ફૂલેનું નામ નજર સમક્ષ આવી જાય. પ્રથમ પોતે અભ્યાસ કરીને અને કન્યાઓને શિક્ષીત કરી. 'શકુંતલાદેવી' તો જગપ્રસિદ્ધ વિભુતી હતાં. ગણિતના ક્ષેત્રમાં તેમની બરાબરી કરી શકે એવી એક પણ વ્યક્તિ ન ભૂતકાળમાં હતી, ન વર્તમાનમાં છે. આજે પણ વિદ્યાલયોમાં મહિલાઓ જ છવાયેલી છે.

કરૂણા, સેવા, લાગણી, ન્યાયવૃત્તી નારીના જન્મજાત ગુણ છે એને કારણે સમાજ સેવાનાં ક્ષેત્રમાં સ્ત્રીની કામગીરી ઉત્તમ રહી છે. ભારતીય નર્સોની દેશ-વિદેશમાં માંગ છે. પસંદગી કરવાની હોય તો ભારતીય સ્ત્રીને પ્રથમ સ્થાન મળે છે.

રમત-ગમતનાં ક્ષેત્રમાં પણ ભારતની નારીનું નામ તારલાની જેમ ચમકે છે. પીટી ઉષાએ અર્જુન એવાર્ડ, પદમશ્રી એવોર્ડ જેવા અસંખ્ય પારિતોષિક પ્રાપ્ત કર્યા (દેશની અંદર), વિદેશમાં પણ તેમને રશિયન ગેમ્સમાં ચાર ગોલ્ડ તથા છ સીલ્વર મેડલ મળ્યા છે. તેઓ એક ઉત્તમ એથલેટ છે. ટેનીસમાં સાનિયા મીર્ઝાએ દેશનું નામ રોશન કર્યું. સ્વીમીંગમાં અનિતા સુદ છે તો બોક્સીંગમાં મેરી કામ છે. બેડમીંટનમાં સાનીયા નહેવાલ છે તો શુટીંગમાં તેજસ્વીની સાવંત, હોકી અને ક્રિકેટમાં તો આખી મહિલા ટીમ છે. કલ્પના ચાવલા અને સુનિતા વિલીયમ વિશ્વ વિખ્યાત એસ્ટ્રોનટ છે.

આમ ભારતીય નારીનું દેશના સર્વાંગી વિકાસમાં, ઉન્નતિમાં અમૂલ્ય યોગદાન છે. કૌટુંબિક જવાબદારીઓ નિભાવીને, અન્ય ક્ષેત્રોમાં ઝપલાવીને, માર્ગમાં આવતાં અવરોધોને નીડરતાથી સામનો કરીને પોતાના લક્ષ્યને હાંસલ કર્યું છે. મારા દેશની આવી નારીઓને તથા એમની શક્તિને મારા શત શત પ્રણામ. ભવિષ્યમાં સ્ત્રી શક્તિ વધારે સંગીન બને નિખરે અને સફળતાનાં શિખરો અને સફળતાનાં શિખરો સર કરતી રહે. કુળનું, કુટુંબનું, દેશનું નામ ઉજાગર કરતી રહે. એવી શુભેચ્છા સાથે મારા વિચારોને કલમને વિરામ આપું છે.

❖❖❖

પણ તમારું નામ તો કહો !'

'નામમાં વળી શું છે સાહેબ, હું તમારો એક વખતનો શિષ્ય.'

'પણ જરા નામ તો કહેશો શેઠ...'

'સર, સાહેબ કે શેઠ જેવા શબ્દો મને શોભે નહિ.'

'હોય કંઈ, શેઠ ? આટલું બધું તમે કર્યું, મારા જેવો ગરીબ માણસ ચામડીના જોડા સિવડાવીને તમને પહેરાવે તોયે ઓછું છે.'

'અરે ! અરે ! આ શું બોલ્યા ? આજે હું જે કંઈ છું તે તમારે લીધે જ છું, સર.'

'પણ તોયે ભલા, નામ તો કહો...'

★ ★ ★

હાઈવે પર એક ટૅક્સી ઊભી હતી. મોડી સાંજનો સમય હતો. આકાશમાં વરસાદ ઘેરાયેલો હતો ને થોડા થોડા છાંટા પડવાની શરૂઆત પણ થઈ ગયેલી. સૂસવાટાભર્યો ઠંડો પવન શરીરને વીંધી નાખે એવા તાતાં તીર છોડતો હતો.

ટૅક્સી ડ્રાઈવર એની ટૅક્સીને રિપૅર કરવા તમામ પ્રયત્નો કરતો હતો પણ કારી ફાવતી નહોતી. એક તો એની પાસે બૅટરી નહોતી ને સૂસવાટાભર્યા પવનમાં હુડ સમતોલ રહેતું નહોતું. દિવાસળી પેટાવીને મોટરના એન્જિનને દુરસ્ત કરવાના પ્રયત્નોમાં દિવાસળીઓ વારંવાર બુઝાઈ જતી હતી

નવાઈની વાત તો એ હતી કે હાઈવે હતો છતાં એકેય વાહન પસાર થતું નહોતું ! એકાદ રડ્યોખડ્યો ખટારો કે જીપ પસાર થઈ ગઈ પણ સંકેત કરવા છતાંયે કોઈ ઊભું રહ્યું નહિ.

ટૅક્સીમાં બાજુના નાનકડા ગામના એક શિક્ષક બેઠા હતા. ખોળામાં પત્નીનું માથું હતું. પત્નીને હાર્ટઍટેક આવ્યો હોવાથી ત્રીસ-પાંત્રીસ કિલોમીટર દૂર આવેલા એક નાનકડા શહેરની હૉસ્પિટલમાં પહોંચવું જરૂરી હતું.

અહીં ટૅક્સીમાં સૂતેલા દર્દીની હાલત ખરાબ થતી જતી હતી. ગામડાના કમ્પાઉન્ડરે કહ્યું કે આ બીજો ઍટેક હોવાથી બાજુના શહેરની હૉસ્પિટલમાં તાત્કાલિક લઈ જાઓ.



# ગુરુ દક્ષિણા

☐ ગિરીશ ગણાત્રા

ગામના ડૉક્ટર બહારગામ હોવાથી એણે આવડી એવી દવા કરી પણ જવાબદારી ટાળવા એણે હૉસ્પિટલનું સૂચન કર્યું.

સમય પસાર થતો હતો. ડ્રાઈવર ગાડીને રિપૅર કરવા મથામણ કરતો હતો. શિક્ષક મનોમન નારાયણકવચના શ્લોકો બોલતા હતા ને ઈશ્વરને વિનવતા હતા, 'હે ઈશ્વર ! આ ગરીબનું ખોરડું ભાંગી ન નાખતો.' સ્મૃતિના ચકડોળે ચડી એણે જોવા માંડ્યું કે ભૂતકાળમાં ક્યાંય પાપ તો નથી થઈ ગયું ને ! વીસ વરસની શિક્ષકની કારકિર્દીમાં ક્યાંય ડાઘ તો નખી લાગી ગયો ને ! કોઈ છોકરાને અજાણતાં અન્યાય તો નથી કરી બેઠો ને !

અચાનક દૂરથી આવતા કોઈ વાહનની હેડલાઈટમાંથી પ્રકાશનો શેરડો પડ્યો. પ્રકાશનાં એ કિરણોમાંથી શિક્ષક આશાનાં કિરણો શોધવા લાગી ગયા. શિક્ષક અને ટૅક્સી ડ્રાઈવર વાહન થોભાવવા હાથ હલાવવા માંડ્યા પણ દૂરથી આવતી આ અફલાતૂન કાર પાસે આવીને સન્‌નન્‌ કરતી પસાર થઈ ગઈ.

બે-ચારે સેકન્ડમાં શિક્ષકને ખોરડાનાં નળિયાં ખસતાં હોય એવું લાગવા માંડ્યું.

પણ ના.

પસાર થયેલી કાર દૂર જઈને થંભી ગઈ. જેટલી ઝડપથી એ પસાર થઈ એટલી જ ઝડપથી એ રિવર્સમાં પાછી ફરીને ટૅક્સીની આગળ આવીને ઊભી રહી. ટૅક્સી-ડ્રાઈવરે ઝડપથી કાર પાસે જઈ એના ચાલકને વિનંતી કરી :

'સાહેબ, ટૅક્સીમાં કંઈક ખરાબી છે. એ તો જાણે ઠીક છે પણ અંદર એક પેશન્ટ છે. હાર્ટ-ઍટેક આવેલો છે. તમે જો એને બાજુના શહેરમાં લઈ જાઓ તો એક જિંદગી બચી જશે. હું તો માથાફોડ કરી કલાક-દોઢ કલાકમાં ટૅક્સી ચાલુ કરી શકીશ, પણ...'

ચાલક નીચે ઊતર્યો. શિક્ષક અને ડ્રાઈવરની મદદથી શિક્ષક-પત્નીને પોતાની કારમાં ખસેડી એણે ગાડી મારી મૂકી. ગાડીની અંદરની લાઈટ ચાલુ રાખી જેથી શિક્ષક એની પત્નીની બરાબર સંભાળ લઈ શકે. શિક્ષક એની પાસેની સીટમાં બેઠા હતા. લાઈટમાં એનો ચહેરો જોઈ ચાલકની સ્મૃતિ સળવળી ઊઠી. એણે પૂછ્યું :

'તમે છગનલાલ માસ્તર ને ?'

'હા ભાઈ, આપ કોણ છો ?'

'તમારો શિષ્ય. તમારી જ પાસે ભણી ગયેલો.'

'કયા વર્ગમાં ? નામ શું ? કોના દીકરા ?' શિક્ષકે પ્રશ્નો પૂછવા માંડ્યા.

'ગણિતમાં કાચો હતો. મારી મારીને, કાન આમળીને તમે ગણિત પાકું કરાવેલું, એક વખત ખોટા દાખલા બોલેલો ત્યારે હાથમાં જે ચમચમતી સોટીઓ તમે મારેલી તે આજેય યાદ છે...'

ખલાસ !

શિક્ષકના મોં પરથી નૂર જ ઊડી ગયું. એક બાજુ પત્નીની હાલત ખરાબ છે ને આ તો ભૂતકાળમાં મેં મારેલા મારને યાદ કરવા બેઠો છે ! બાજુના શહેરની હૉસ્પિટલમાં એ હેમખેમ પહોંચાડશે કે મેં મારેલા મારનો અત્યારે બદલો લેશે ? શિક્ષકે નમ્ર સ્વરે કહ્યું :

'ભાઈ, માર તો તમારા સારા માટે જ માર્યો હશે. મારો કોઈ વિદ્યાર્થી ગણિતમાં કાચો રહે એવું તો હું સહન જ ન કરી શકું.'

'બરાબર છે,' ચાલકે કહ્યું. 'અને કદાચ આજે હું મટિરિયલ્સ એન્જિનિયર એ મારના

પ્રતાપે જ છું !'

ગાડી શહેરમાં પહોંચી. હૉસ્પિટલમાં શિક્ષકે પત્નીને દાખલ કર્યાં. તાત્કાલિક ઉપચાર લેવાયા. વિઘ્નનું વાદળ તો પસાર થઈ ગયું પણ દર્દીને હૉસ્પિટલમાં બેત્રણ દિવસ રાખવાં જરૂરી હતાં. શિક્ષકને પૂછ્યા વગર જ પેલા કાર માલિકે હા પાડી દીધી.

'શેઠ, હવે તો તમારું નામ કહો ?'

'નામ ? હું તમારો શિષ્ય.'

'પણ તોયે.'

'જુઓ, અત્યારે મારે અમદાવાદ જવું છે. પરમ દિવસે પાછો ફરીશ ત્યારે મારું નામ-ઠામ કહીશ.'

'એ ભાઈ તો ગયા,' છગનલાલ માસ્તરે વાત પૂરી કરતાં કહ્યું, 'પણ આજ સુધી એનાં દર્શન થયાં નથી. અમદાવાદથી બારોબાર ફોન કરી ડૉક્ટર સાથે બિલની પતાવટ કરી લીધી. મારાં પત્ની સાજાં થયાં એટલે હૉસ્પિટલના ડૉક્ટરે ટૅક્સીની વ્યવસ્થા કરી અમને અમારા ગામે પહોંચાડી દીધાં. સાથે મોંઘીદાટ દવાઓનું ભાથું પણ બંધાવ્યું. ડ્રાઈવરે ગામ પહોંચ્યા પછી ટૅક્સીના પૈસા લેવાની તો ના પાડી, પણ કવર પરખાવ્યું. અંદર રૂપિયા પાંચસો હતા. સાથે એક કાગળની ચબરખી. એમાં લખ્યું હતું કે, 'હું મારું ઋણ અદા કરું છું.' કોણ જાણે ક્યારે એ હૉસ્પિટલમાં આવ્યા હશે ને દવાદારૂનું બિલ ભરી ગયાં હશે !

'એક વખત હૉસ્પિટલમાંથી કાગળ આવ્યો : તમારી પત્નીને ચેક-અપ કરાવવા લઈ આવો. ડૉક્ટરે બધું ચેક કરી દીધું પણ પૈસા લેવાની ના પાડી. કહ્યું કે, તમારા શિષ્ય બિલ ભરે છે. મેં ડૉક્ટરને કહ્યું કે ભલા આદમી, એ ભાઈનું નામ તો કહો. ડૉક્ટરે હસીને કહ્યું કે નામ આપવાની ના પાડી છે. નાનપણમાં તમારે ઘેર તમે એને ભણવા બોલાવતા ત્યારે ગોળ ને રોટલો ખાઈ જતો.

મળી મળીને બસ આટલી જ ઓળખાણ મળી.

કોણ હશે એ વિદ્યાર્થી ? ઘણા નબળા વિદ્યાર્થીઓને હું ઘેર ભણવા બોલાવતો. રસોડામાં જઈને આમાંનું કોણ કોણ ગોળ રોટલો ખાઈ આવ્યું હશે ? એક વખત લાંબો કાગળ લખી એનું નામ લખી જણાવવા વિનંતી કરી તો ડૉક્ટરે જવાબમાં કહ્યું કે, 'એ ભાઈ નામ આપવા માગતા નથી. ભવિષ્યમાં સારવારની જરૂર પડે તો વિના સંકોચે લખજો !

'આ તો નરસિંહ મહેતા ને શામળિયા જેવું થયું !'

❖❖❖

## ગુરુ શું છે

(૧) ગુરુ એ દરેક સવાલનો જવાબ છે (૨) ગુરુ એ દરેક મુશ્કેલીની યુક્તિ છે (૩) ગુરુ એ જ્ઞાનનો ભંડાર છે (૪) ગુરુ માર્ગદર્શક છે (૫) ગુરુ એ અનુભૂતિ છે (૬) ગુરુ એ પ્રેમ છે (૭) ગુરુ જ્ઞાનની વાણી છે (૮) ગુરુ એ આપણા જીવનનો ચમત્કાર છે (૯) ગુરુ એક મિત્ર છે (૧૦) ગુરુ ભગવાન સ્વરૂપ છે (૧૧) ગુરુ એ આધ્યાત્મિકતાની વ્યાખ્યા છે

ધન્ય છે તે લોકો જે ગુરુ સાથે સંપર્કમાં છે અને તેમની સાનિધ્યમાં જીવનનું થોડું જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી.

ગુરુ શબ્દ અને ગુરુનું જીવન સમુદ્રની ઉંડાઈ જેટલુ છે જેનું વર્ણન કરી શકાતું નથી.

*આખી ધરતીને કાગળ કરૂ*
*બધી વનરાઈ ની લેખની*
*સાત સુમંદર ની શાહી કરૂ*
*ગુરુ તણા ગુણા ન લખી શકાય.*

**ગુરુનું મહત્વ**

*કર્તા કરે ન કર શકે, ગુરુ કરે સબ હોય*
*સાત દ્વિપ નૌ ખંડ મે ગુરુ સે બડા ન કોઈ*

ગુરુનો હાથ પકડવા ને બદલે તમારો હાથ ગુરુને પકડાવો કારણ કે આપણે આકસ્મિક રીતે ગુરુનો હાથ છોડી શકીએ છીએ, પરંતુ ગુરુ જેનો હાથ પકડે તે કદી છોડતા નથી.

*ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વરા.*
*ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવૈ નમઃ*

ગુરુ વિના જ્ઞાન અધૂરું છે, ગુરુ આપણને સાચો રસ્તો બતાવે છે. તેથી આપણે ગુરુની દરેક આજ્ઞાનું પાલન કરવું જોઈએ. ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણએ પણ ગુરુ પાસે શિક્ષણ મેળવવું હતું.

આપણા ગ્રંથોમાં ગુરુભક્તિના ઘણા ઉદાહરણો છે.

**ગુરુ જ માર્ગદર્શક છે**

આત્મા માટે તમારે જાતે પ્રયત્ન કરવો પડશે.

*ગુરુએ રસ્તો બતાવ્યો છે,*
*તમારે ચાલવું પડશે.*
*ગુરુએ ઉપદેશ આપ્યો છે,*
*અનુસરવું તમારે પડશે.*

મુક્તિ ગુરુની વાહ વાહ દ્વારા પ્રાપ્ત થતી નથી. ગુરુ વચન પ્રમાણે ચાલવાથી મોક્ષ મળે છે. ગુરુદ્વાર પર જ્યારે જવું હોયતો હૃદય શુદ્ધ કરી ને જવુ....

જ્યારે ગુરુની વાત સાંભળવી, તમારા કાન ખુલ્લા રાખો ...

જ્યારે ગુરુમાં વિશ્વાસ કરવો, હોય તો તમારી આંખો બંધ રાખો...

જ્યારે ગુરુને અર્પણ થવુ હોય તો તમારું હૃદય ખુલ્લુ રાખો...

જ્યારે ગુરુનો સત્સંગ સાંભળવો હોય તો મોં બંધ રાખો ...

ગુરુની સેવા ક્યારે કરવી હોય તો ઘડિયાળ બંધ રાખો.....

જ્યારે ગુરુ પાસે વિનંતી કરવી હોયતો દિલ ખોલી દેવુ... !!!

*આ ગુરુનો દ્વાર છે*
*તે અહીં મનમા નથી થતી,*
*એ પણ વાત પાક્કી છે*
*અંહિ કોઈ પરેશાની નથી હોતી*

❖❖❖

# વાત્સલ્ય હેલી

પ્રીતિ ભટ્ટ ''પ્રીત''

સવારથી રાજુ કામ માટે અહીં તહીં ભટકી રહ્યો હતો. બે દિવસથી કંઈ ખાવાનું મળ્યું ન હતું. ઉપરથી મા ની માંદગીની ચિંતા બધી જ તકલીફ કુમળા અગિયાર વર્ષના બાળક ઉપર હાવી થતાં, ચૈત્રના તપતા સુર્ય માફક એનું શરીર પણ તપી રહ્યું હતું. આજે તો મા માટે પણ કંઈ ખાવાનું લઈ જવું પડે એમ હતું કારણ કે ખાવાનું મળ્યું ન હોવાથી તેની સાથે સાથે તેની મા પણ ભુખી જ હતી અને દવા પણ લઈ શકી ન હતી એથી તેની તબિયત વધારે કથળવા પામી હતી.



રાજુ ભટકતા ભટકતા એક બંધ ઘરના ઓટલા ઉપર આવીને બેઠો. આમતેમ ફાફાં મારતાં તેની નજર સામે એક ફરસાણની દુકાન પર પડી. કાચની પેટીમાં મોતીચૂરના લડુ, ખમણ પેટીસ જલેબી વણેલા ગાંઠિયા ચેવડો આવા ઘણાં ફરસાણો સજાવેલી થાળ ગોઠવેલી દેખાય. આ બધા પર નજર પડતાં રાજુના મોં માંથી લાડ ટપકવાં લાગી જાણે આ બધા ફરસાણ જોઈ ને જ તેનું પેટ ભરાઈ ગયું હોય તેમ એક આનંદની લહેરકી તેના ચહેરા ઉપર ફરી વળી. દુકાન ઉપર લોકોની ભીંડ ઘણી હતી. ભીંડ જોઈ ને તે પણ દુકાનની નજીક પહોંચી ગયો. દુકાનદારને દસ રૂપિયાની જલેબી, દસ રૂપિયાના ગાંઠીયા અને દસ રૂપિયાના ખમણ આપો એમ બહારથી કુદકા કુદકા મારતાં મારતાં કહેવા લાગ્યો. મોટા ગ્રાહકોના ઓર્ડર પુરા કરવામાં દુકાનનો શેઠ મશગૂલ હતો. તેના કાને રાજુનો અવાજ પહોંચતો ન હતો. ભીડમાં ધક્કા મુક્કી કરી રાજુ એકદમ કાઉન્ટરની નજીક જઈને બોલ્યો, 'કાકા મારી મા ભુખી છે દવા લેવાની છે જલ્દી મને જલેબી ખમણ અને ગાંઠીયા બાંધી આપો ને.' દુકાનદારે ચિંથરે હાલ રાજુ ઉપર નજર કરી ચિંડ સાથે બોલ્યો, 'પૈસા લાવ પહેલા પછી બાંધી આપું.' પૈસા શબ્દ સાંભળતાં જ નાનકડો રાજુ રડમસ અવાજે બોલ્યો, 'કાકા પૈસા તો નથી પણ કાલે તમને આપી જઈશ મને આજે ખાવાનું આપો ને.' આ સાંભળતા જ દુકાનદારે હાથને હડસેલો મારી દૂર કરી દીધો અને બોલ્યો પૈસા લઈને આવ પહેલા.

નાનકડો રાજુ ધક્કે ધક્કે ફરી બહાર આવી ગયો. હવે પૈસા ક્યાંથી લાવવા એ વિચારે રડવા લાગ્યો ત્યાં ઊભેલા લોકોને ફટાફટ પૈસા આપી પેકેટો લઈ ને જતા જોઈ રહ્યો. આજે પણ ખાવાનું નહિ મળે તો મા નું શું થશે એ વિચારે ત્યાં જ ખૂણામાં બેસી પડયો. રડતાં રડતાં તેને કંઈક વિચાર આવતા ફરી તે દુકાન પાસે જઈને ભીડમાં ઊભો રહી ગયો. ભીડ વધુ હોવાથી અને રાજુ નાનકડો હોવાથી કોઈનું ખાસ ધ્યાન તેના પર જતું ન હતું. દુકાનના કાઉન્ટરના ખુણામાં ધક્કે ધક્કે તે પહોંચી ગયો. બધા ઓર્ડર મુજબ પેકેટ કાઉન્ટર પર મુકાતાં હતા એ મુજબ લોકો લઈ રહ્યાં હતાં. રાજુની નજર એક પેકેટ પર પડતાં ગ્રાહક તે ઉંચકે એ પહેલા ધીરેથી તેણે કોથળી ખેંચી લીધી અને ફરી ધક્કા મુક્કી કરતાં ભીડમાંથી બહાર આવી જઈ કોઈ જોઈ નહીં એમ કોથળી શર્ટમાં સંતાડી પોતાના ઘર તરફ દોડયો. મા પથારીમાં સૂતી હતી તાવથી તેનું પણ શરીર તપતું હતું. રાજુ એ ઝડપથી કોથળી ખોલી મા ને એમાંથી ફરસાણ ખવડાવ્યું અને પોતે પણ ખાધું. બે દિવસ પછી મળેલ ખોરાક બાદ બંનેના ચહેરા પર એક આનંદ અને સંતોષ વર્તાઈ રહ્યો હતો. મા ને સિવિલ વાળા ડોક્ટર કાકાએ આપેલી દવા પીવડાવી આજે જાણે કંઈક મહાન કાર્ય કર્યું હોય અને પુરસ્કાર પ્રાપ્ત કરી લીધો હોય તેટલો તેને આનંદ થઈ રહ્યો હતો. પછી તો આમ કરવું રાજુ માટે રોજનું થઈ રહ્યું.

આજનો દિવસ રાજુના જીવનમાં ઘણું મોટું પરિવર્તન લાવવા જઈ રહ્યો હતો. ફરી ભીડમાં રાજુ ધક્કા મારતો ઊભો રહી ગયો. અચાનક એક વ્યક્તિની નજર તેના પર પડી. નાનકડા છોકરા ઉપર દયા આવી તેને આગળ ખસવા દીધો. રાજુએ એક નાનું પેકેટ કાઉન્ટર પરથી સેરવી લીધું અને શર્ટ માં સંતાળી દીધું. આમ એક બે પેકેટ રાજુ ને ખેંચી ને શર્ટ માં સંતાળતાં પેલી વ્યક્તિ જોઈ રહી. જલેબી ખાવાની ઈચ્છાને કારણે કોઈ જલેબી પેકેટ પાર્સલ કરાવે એની રાહમાં કાઉન્ટર પાસે લપાઈ રહ્યો. પેલો વ્યક્તિ હવે રાજુના લગોલગ ઊભો હતો. એક વ્યક્તિએ ૨૫૦ ગ્રામ જલેબીનો ઓર્ડર

આપ્યો આ સાંભળતા જ રાજુના ચહેરા પર આનંદ આવી જતાં સહેજ જ જીભ હોઠ ઉપર ફરી વળી. પેલો વ્યક્તિ રાજુને જ એકી નજરે જોઈ રહ્યો હતો. જલેબી પેકેટ બંધાયુ કે તરત રાજુ હાથ મારવા ગયો કે દુકાનદારને તેનો હાથ અડી જતાં પકડાઈ ગયો. દુકાનદારે રાજુને ખેંચીને સાઈડે કરતાં જલેબી અને બીજા પેકેટ તું જ રોજ ચોરી કરે છે કહી તમાચો ઝીંકી દીધો. નાનકડો રાજુ ચોધાર આંસુ એ રડતાં રડતાં મારી મા માંદી છે માટે ચોરી કરીને લઇ જતો એમ બોલી રહ્યો પણ દુકાનદારને તેના આંસુ સાથે કોઈ નિસ્બત ન હોય એમ બીજી બે લપડાક લગાવી દીધી. ભીડમાં કયારનો જે વ્યક્તિ રાજુ ને જોઈ રહ્યો હતો તે વ્યક્તિ દુકાનદાર પાસે જઈને તેનો હાથ પકડી લઈને, 'ભાઈ, નાનું છોકરું છે એણે જે જે વસ્તુ લીધી છે એ આપી દો એના પૈસા હું ચુકવી દઈશ તેને જવા દો.'

દુકાનદાર : 'અરે ભાઈ ઘણાં દિવસોથી આ છોકરો આમ કરે છે રોજ પેકેટ કાઉન્ટર પરથી સેરવી લેતો હતો આજે ઝડપાયો છે. એક નંબરનો ચોર છે આજે તો પોલીસમાં જ આપી દઉં તોજ તેને ભાન પડશે' કહીં હાથ ખેંચ્યો.

પેલા વ્યક્તિએ દુકાનદારના હાથમાંથી રાજુનો હાથ ખેંચીને છોડાવતા બોલ્યો, 'હું બધા પૈસા ચુકવી દયશ અને કાલથી આ આમ ચોરી નહીં કરે એની ખાતરી આપું છું મારો વિઝિટિંગ કાર્ડ રાખી મુકો જોઈએ તો.'

દુકાનદાર પેલા વ્યક્તિ સામે અસમંજસની નજરે જોતાં, 'ખરા માણસ છો તમે તો, મારે શું ! લાવો પૈસા' કરીને ફરી કાઉન્ટર પર ગોઠવાઈ ગયો. પેલા વ્યક્તિએ ૨૦૦૦ની નોટ આપી સાથે પોતાનો વિઝિટિંગ કાર્ડ આપી રાજુનો હાથ પકડી ભીડમાંથી બહાર આવ્યો.

રાજુ રડતાં રડતાં પેલા વ્યક્તિના પગમાં પડી 'મને કાકા માફ કરી દો બોલવા લાગ્યો.' રાજુને ઊભો કરી ઘરના ઓટલા ઉપર બેસાડયો અને હકીકત બધી પુછવા લાગ્યો. રાજુની જીવન કથનીના એક એક શબ્દે પેલા વ્યક્તિ સામે પોતાનો ભુતકાળ તરવરવા લાગ્યો. જાણે કોઈ એ વર્ષો પહેલાં કરેલા પોતાના ઉપરના ઉપકારનો બદલો આજે એ કોઈ બીજા આવા નાનકડા બાળકની મજબૂરી દૂર કરીને ઉતારવાનો મરણિયો પ્રયાસ કરી રહ્યો હોય તેમ તે બોલ્યો, 'દિકરા તું મને તારા ઘરે લઈ જશે ?'

રાજુ રડતાં રડતાં બોલ્યો, 'કાકા મને માફ કરી દો હવે ભુખ્યો રહીશ પણ ચોરી નહીં કરું તમે મારી મા ને આ કહેવા ઘરે ન આવો એ બિમાર છે અને આ વાત સાંભળશે તો તે ખૂબ રડશે અને મારી મા રડે એ મને નથી ગમતું. કાકા પગે લાગું તમે કહો તે કામ તમારું કરીશ પણ મારી મા ને ન કહો. તમારો ઉપકાર જીંદગી ભર યાદ રાખીશ. કાકા મારા ઘરે ન આવો. રાજુ એકી શ્વાસે બોલે જતો હતો. પેલા વ્યક્તિની આંખો પણ ભીની હતી તે રાજુને પોતાની છાતી સરસો ચાંપી ને બોલ્યો, દિકરા હું કોઈ ઉપકાર નથી કરી રહ્યો. હું પણ વર્ષો પહેલા મારા પર કોઈએ કરેલા ઉપકારનો જ બદલો કોઈ નવો કનુ તૈયાર ન થાય એ માટે ઉતારી રહ્યો છું.'

નાનકડા રાજુને પેલા વ્યક્તિની કોઈ વાતમાં સમજણ પડી રહી ન હતી બસ તે તેને સજડ આંખોએ એકધારો જોઈ રહ્યો.

❖❖❖

## જીવનમાં પ્રાર્થનાનું મહત્વ

નિયમિતતા એ જાગૃત જીવનની નિશાની છે અને જીવનમાં નિયમિત પ્રાર્થના, એ ઉત્તમ જાગૃત જીવનની નિશાની છે. બંનેમાંથી કયું જીવન પસંદ કરવું તે દરેક વ્યક્તિ ઉપર આધારિત છે હાં એટલું તો જરૂરી કહી શકાય કે જેના જીવનમાં પ્રાર્થના ને નિયમિત સ્થાન મળેલ છે તેનું જીવન ઉત્તમ છે, સાથે-સાથે તે પરમાત્માની નજીક છે. તેને પરમાત્મા સાથે સારો સંબંધ છે. અને આ સનાતન સત્યનો સ્વીકાર તો દરેક સમજુ માણસે કરવો જ રહે છે.

ઘોડીયા વગરનું ઘર શોભાયમાન લાગતુ નથી, માતા વગરના બાળકનું જીવન, ચેતન વગરનો દેહ, શોભતા નથી તેમજ જે જીવનમાં પ્રાર્થનાને નિયમિત સ્થાન નથી, તે જીવન શ્વાસ વગરની જીવન ક્રિયા સમાજ જ ગણી શકાય.

વિશ્વના દરેક ધર્મોમાં પ્રાર્થના ને નિયમિત જીવનક્રિયા સાથે વણી લેવામાં આવી છે.

પ્રાર્થના બંદગી કે પ્રેયર માનવ જીવનમાં ઘણુ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, વ્યક્તિ ગમે તે સ્થળે હોય કે ગમે તે ધર્મમાં માનતી હોય પણ પ્રાર્થના બંદગી કે પ્રેયર ગમે તે સ્થળે અને સમયે થઈ શકે છે. પ્રાર્થનામાં હૃદયની નિર્મળતા ન મળે તો તે નિમક વગરની રસોઈ જેવી બની રહે છે. પરંતુ જો પ્રાર્થનામાં નિર્મળતા સાથે સદભાવનાનો ભાવ ભળે તો તે પ્રાર્થના આત્માને પરમાત્મા બનાવવાની તાકાત ધરાવે છે.

ગણિતમાં શૂન્યની કિંમત નથી પરંતુ તેજ શૂન્ય એકની પાછળ જોડાતા જોડાતા એકની કિંમત દશ ગણી, સો ગણી, કે હજાર ગણી, લાખ ગણી કે કરોડો ગણી કરવા સમર્થ બની રહે છે, તેમજ હૃદયના ભાવ સાથે કરેલી પ્રાર્થના અમુલ્ય બની રહે છે. નિયમિત પ્રાર્થના એ માનવ જીવનનું મોંઘેરું ઘરેણું છે આજથી આજ ક્ષણથી નિયમિત પ્રાર્થના કરવાનો નિયમ કરો અને પછી પ્રાર્થનાના મીઠા ફળોનો આનંદ માણો.

**- જયકાંત ઘેલાણી**

# શોધશો ઘર, ગલી નગરમાં, માણસ એકાદ મળશે ઉમ્રભરમાં

ડૉ. શરદ ઠાકર

કાતિલ ઠંડીનો સુસવાટો આવ્યો અને બસસ્ટોપ પાસે ઊભેલી બાવીસ વર્ષની પિન્કીને ચામડીથી લઈને હાડકાં સુધી ધ્રુજાવી ગયો. એક તો કેનેડા જેવો સાવ અજાણ્યો દેશ. ઉપરથી કડકડતો શિયાળો. હવાના અણુએ અણુમાં બરફની પોપડીઓ ઊડે. પિન્કી ગુજરાતથી આવેલી, સાથે ગરમ વસ્ત્રો પણ લાવેલી, પણ એ કપડાં ગુજરાતના શિયાળા સામે રક્ષણ આપી શકે તેવાં હતાં. કેનેડાની કાતિલ બર્ફીલી હવાને રોકવાનું એનું ગજું નહીં.



પિન્કીને રડવું આવી ગયું. હજુ તો માત્ર ચાર જ દિવસ થયા હતા એના કેનેડામાં આવ્યાની વાતને.

પપ્પાએ કહ્યું હતું, 'પિન્કી, બેટા ! ત્યાં તને કોઈ વાતે તકલીફ નહીં પડે. કેનેડાના એક મોટા શહેરમાં આપણો નજીકનો સગો રહે છે. મેં એની સાથે ફોન પર બધી જ વાત કરી લીધી છે. શરૂઆતના છ-બાર મહિના તારે એના ઘરમાં જ રહેવાનું છે. એ પૂરા ફેમિલી સાથે વર્ષોથી ત્યાં સેટલ થયેલા છે. તારા માટે અલાયદો રૂમ હશે. એની દીકરી પોતાની કારમાં ભણવા માટે જાય ત્યારે તને તારી જૉબના સ્થાને મૂકતી-લેતી જશે. તને ગરમાગરમ નાસ્તો અને આપણું ગુજરાતી ભોજન પણ મળી રહેશે. તું તારી રીતે પગભર ન થઈ જાય ત્યાં સુધી બધી જવાબદારી એમના માથે.'

પિન્કીના પપ્પા કચ્છના એક જાણીતા શહેરમાં ડૉક્ટર હતા. બધી રીતે સુખી હતા, પણ પિન્કીએ જ જિદ્દ પકડી હતી, 'મારે ઈન્ડિયામાં નથી રહેવું. કાં ઑસ્ટ્રેલિયા જવું કાં કેનેડા.'

'બેટા, આ બંને દેશો માટે મારી ના છે.' પપ્પાએ શરૂઆતમાં વિરોધ કર્યો હતો, 'ઑસ્ટ્રેલિયામાં ત્યાંના લોકો આપણા વિદ્યાર્થીઓ સાથે મારઝૂડ કરે છે. કેનેડામાં ઠંડી ખૂબ પડે છે.'

પણ છેવટે પિન્કીની જિદ્દ આગળ પપ્પા ઝૂકી ગયા હતા. ત્રણેક વર્ષમાં કેનેડામાં ગમે તે માણસ ગોઠવાઈ જતો હોય છે એવી માહિતી એમણે સાંભળી, એટલે એમણે હા પાડી દીધી પછી તો કેનેડામાં હીરાકાકીનો દીકરો મનસુખ એના પરિવાર સાથે રહે છે. એનું સરનામું અને ફોન નંબર પણ શોધી કાઢ્યાં. મનસુખ સાથે વાત કરી લીધી અને એક શુભ દિવસે, મંગળ ચોઘાડિયે પિન્કીબહેન છોકરીમાંથી પંખી બની ગયાં અને પછી ઊડી ગયાં... ફરરરર... કરતાં... કેનેડાની દિશામાં... !

મનસુખભાઈની પત્ની અને દીકરીએ ચોવીસ જ કલાકમાં પોતાનો અસલી ચહેરો બતાવી આપ્યો. નજીકનું લોહીનું સગપણ હતું એની પણ શરમ ન રાખી. પિન્કી ભણેલી હતી, ખૂબસૂરત હતી, મેનર્સવાળી હતી, તેમ છતાં એ જાણે દેશમાં આવી ચડેલી કોઈ અભણ, ગંદી, ગમાર, ગામડિયણ હોય એવું વર્તન બધાં એની સાથે કરવા લાગ્યાં.

ચોથા દિવસે તો મનસુખ અંકલની તુંડમિજાજી છોકરી સીધું પિન્કીને જ પરખાવી દીધું, 'યુ રસ્ટિક ઈન્ડિયન્સ ! હાઉ ડેર યુ થિંક ટુ કમ ઍન્ડ સ્ટે વિથ અસ ! યુ શૂડ હેવ સમ ડિસન્સી ટુ...'

પિન્કી ગભરાઈ ગઈ. રૂમમાં જઈને એણે ઈન્ડિયામાં પપ્પાને ફોન કર્યો, 'પપ્પા, હું તો અહીં આવીને ફસાઈ ગઈ છું. મનસુખ અંકલનાં વાઈફ તો ખૂબ જબરાં છે અને દીકરી તો દાનવપુત્રી હોય એવું વર્તન કરે છે. મને જોઈને ડોળા તો એવા કચકચાવે છે જાણે મને ઉપાડીને ઘરની બહાર ન ફેંકી દેવાની હોય ! હું શું કરું ?'

પપ્પા શું કહે ? એમણે કહી દીધું, 'બેટા, પહેલી જે ફ્લાઈટ મળતી હોય એમાં બેસીને પાછી ઈન્ડિયા આવી જા !'

'પણ પપ્પા...' પિન્કીના મનમાં જે વિચારોનું ઘમસાણ ચાલતું હતું તે હોઠ પર આવી ગયું, 'અહીં આવવા માટે તમે જે ખર્ચ કર્યો છે એ ચાર જ દિવસમાં સાવ પાણીમાં ફેંકી દેવાનો ? હું ક્યાંક પેઈંગ ગેસ્ટ તરીકે રહેવાનું શોધી કાઢું તો ?

બે કલાકમાં પિન્કીએ પચ્ચીસેક ફોનનાં ચકરડાં ઘુમાવી કાઢ્યાં. બધા ભારતીયોના જ ફોન નંબર્સ હતા. પેઈંગ ગૅસ્ટ તરીકે રહેવાના ભાવ સાંભળીને પિન્કીના હાંજા

ગગડી ગયા. હજુ કમાણીનાં તો ઠેકાણાં ન હતાં, ત્યાં આવડા મોટા ખર્ચા કેવી રીતે પોસાય ? એ પણ પાછા કેનેડિયન ડૉલર્સમાં !

ચોથા દિવસને બપોર પડ્યો. મનસુખ અંકલે નીચું માથું રાખીને કહી દીધું. 'આઈ એમ સૉરી, બેટા ! તારે આજે જ આ ઘરમાંથી ચાલ્યા જવું પડશે. મને એમ હતું કે તને અહીં રહેવામાં વાંધો નહીં આવે, પણ મારું આકલન ખોટું પડ્યું. મારી વાત માને તો આજની રાત તું ગમે ત્યાં પસાર કરી નાખજે. કાલે વિમાનમાં બેસીને...!' પછી ગળામાં બાઝેલો ડૂમો ખંખેરીને એ બોલી ગયા, 'તારા પપ્પાને મળીને મારા વતી 'સૉરી' કહી દેજે, બેટા !'

મનસુખ અંકલ તો આટલું કહીને છૂટી ગયા, પણ પિન્કીની હાલત કફોડી થઈ ગઈ. કેનેડામાં તો અંધારું વહેલું ઊતરી આવે. કહેવાય ભલે નમતો બપોર, પણ વાતાવરણ ભારતમાં રાતના દસ-અગિયાર વાગ્યા હોય એવું થઈ જાય. આવી ઠંડીમાં પિન્કી એના બૅગ-બિસ્તરા સાથે રસ્તા પર આવી ગઈ. ક્યાં જવું એ નક્કી ન હતું. એ બસઅડ્ડા પાસે આવીને ઊભી રહી ગઈ. એ વિચારતી હતી, 'કોઈ સસ્તી હોટલમાં આજની રાત પસાર કરી નાખું. પછી કાલે સવારે ફ્લાઈટની તપાસ...'

ત્યાં જ એના કાન પર વાહનને બ્રેક લાગવાની ચિચિયારી પડી. એણે આંખો ઉઠાવીને જોયું તો ધુમ્મસિયા રોડ પર એક કાર ઊભી હતી. સાવ એની પાસે જ.

ગાડીમાંથી એક પીઢ વયનો આદમી નીચે ઊતર્યો, પિન્કી કોણ છે, ક્યાંની છે એવું કશું જ જાણ્યા વગર એણે બૂમ પાડી, 'હે...ઈ...!' હું ઈઝ ધેર એટ ધિસ ઓડ અવર ? નીડ માય હેલ્પ ?'

પિન્કી પહેલાં તો ડરી ગઈ. પછી એને યાદ આવ્યું કે પોતે ભારતમાં ન હતી, પણ વિદેશની ધરતી પર હતી. ભારતમાં આવી અંધારી રાતે, આવી સૂમસામ જગ્યાએ કોઈ પણ અજાણ્યા પુરુષનો વિશ્વાસ ન કરાય, પણ પરદેશમાં સાવ એવું નથી હોતું. પુરુષ નજીક આવ્યો, ત્યારે ઓળખાયું કે એ પણ ભારતીય જ હોવો જોઈએ. એ પણ સમજી ગયો કે આ છોકરી ઈન્ડિયન છે.

એણે ફરી પાછું પૂછ્યું, 'કમિંગ ફ્રોમ ઈન્ડિયા ? યૂ લુક લાઈક એ ગુજરાતી ગર્લ. આરન્ટ યૂ ?'

'હા.' પિન્કીનું રુદન ગળામાં આવી ગયું, 'ભાઈ, તમે પણ ગુજરાતી છો ?'

'હા, બહેન ! હું અમદાવાદનો છું. દસ વર્ષથી અહીં છું. તું ક્યાંની છે ?'

'હું કચ્છની છું.' પિન્કીએ એના શહેરનું નામ પણ જણાવી દીધું.

પેલાને શહેરનું નામ સાંભળીને રસ પડ્યો. 'આઈ.સી ! એ શહેર સાથે તો મારી લાઈફનું એક મીઠું સંભારણું જોડાયેલું છે. ત્યાં એક ડૉક્ટર સાહેબ રહે છે. બહુ ભલા માણસ છે. ત્યાં ફિઝિશિયન તરીકે પ્રેક્ટિસ કરે છે. એમનું નામ આજે પણ મને યાદ છે. ડૉ...'

'અરે ! એ તો મારા પપ્પા છે !' પિન્કી ઊછળી પડી.

'વ્હોટ ? તું એમની ડોટર છે ? ! વ્હોટ એ પ્લેઝન્ટ સરપ્રાઈઝ ? બેટા, તું અત્યારે તકલીફમાં લાગે છે. તને મારી મદદની જરૂર છે ?'

પિન્કી રડી પડી ગળામાં અટવાઈ રહેલું રુદન બહાર ઠલવાઈ પડ્યું. એણે બધી હકીકત જણાવી દીધી. પેલા પુરુષે કહ્યું, 'બેટા, રડ નહીં. હું તને એક વાત કહું. વર્ષો પહેલાં જ્યારે હું ભારતમાં હતો ત્યારની વાત છે. હું એક દવાની કંપનીમાં નોકરી કરતો હતો. મેડિકલ રિપ્રેઝન્ટેટિવ હતો. અમારું કામ જ એક શહેરથી બીજા શહેરમાં રખડવાનું અને ડૉક્ટરોને મળવાનું. એમને અમારી કંપનીની દવાઓ વિશે ગુલાબી ચિત્ર દર્શાવીને વિનંતી કરવાની કે તમે આ જ દવાઓ લખજો. એક વાર ભરઉનાળામાં હું કચ્છના એક શહેરમાં મારી ફરજ બજાવી રહ્યો હતો. બપોરના અઢી વાગ્યા હતા. સવારના ચા-નાસ્તા પછી પેટમાં કંઈ પડ્યું ન હતું. હું તારા પપ્પાનો 'કોલ' પતાવવા પહોંચી ગયો. સાહેબ થોડી વાર પહેલાં જ કન્સલ્ટિંગથી પરવારીને ઉપરના માળે એમના ઘરે લંચ માટે ગયા હતા. પટાવાળાએ મને કહી દીધું. પોણો કલાક બેસવું પડશે. સાહેબ જમી રહ્યા છે.' હું લાચાર હતો. મને ભૂખથી ચક્કર આવતાં હતાં.'

'પછી શું થયું ?'

'ત્યાં જ ઉપરથી ડૉક્ટર સાહેબનો અવાજ સંભળાયો. કનુ, કોણ આવ્યું છે ? દવાની કંપની માંથી છોકરો આવ્યો હોય તો એને બેસાડી રાખીશ નહીં. એને ઉપર મોકલી આપ !' હું ઉપર ગયો. સાહેબ હજુ જમવાનું શરૂ જ કરતા હતા. એમણે સમય જોયો, મારો ચહેરો જોયો, પછી આગ્રહ કીને મારા માટે પણ થાળી પીરસાવી દીધી. બેટા, મારી કરિયરમાં મેં ડૉક્ટરો તો ઘણા જોયા છે, પણ આવો માણસ પહેલી વાર જોયો. તું મારામાં વિશ્વાસ મૂકી શકે છે. હજુ પણ તને શંકા હોય તો મને તારા પપ્પાનો ફોન નંબર આપ. હું તારી સામે જ વાત કરી લઉં.'

એ પુરુષે કેનેડાની સૂમસામ સડક પરથી કચ્છની ધરતી સાથે સંવાદ કરી લીધો. પિન્કીના પિતાએ દીકરીને કહ્યું, 'બેટા, તું આ માણસ પર વિશ્વાસ મૂકી શકે છે. એની દાઢમાં આપણા ઘરનું અન્ન ભરેલું છે અને એના અવાજમાં કૃતજ્ઞતાનો રણકો સંભળાય છે. તું એક-બે દિવસ એના ઘરમાં રહી શકે

છે, પછી અહીં આવતી રહેજે.'

એક-બે દિવસ નહીં, પણ પિન્કી પૂરા છ મહિના સુધી પેલા ભલા માણસના ઘરમાં રહી. એની પત્નીએ એને સગી દીકરીની જેમ સાચવી લીધી. અલાયદો રૂમ, ચા-બ્રેકફાસ્ટ, ગુજરાતી ભોજન, કેનેડાની ક્રૂર ઠંડી સામે રક્ષણ આપી શકે તેવાં ગરમ કપડાં, સારી જૉબની તલાશ, આવવા-જવા માટે કારની સગવડ. આ બધું જ એ પરિવારે પ્રેમથી પૂરું પાડ્યું. પૂરા છ મહિના પછી પિન્કી પાસે એટલી બચત જમા થઈ, જેનાથી એ અલાયદા મકાનમાં રહેવા જઈ શકે.

જતી વખતે પિન્કી આભાર માનવા લાગી તો પતિપત્ની બોલી ઊઠ્યાં, 'બેટા, અમે તો કશું જ નથી કર્યું. તારા પપ્પાએ એક તદ્દન અજાણ્યા યુવાને જે પ્રેમથી ભોજન કરાવ્યું હતું એનો બદલો અમે હજુ હજારમાં ભાગે પણ વાળી શક્યાં નથી. તને ગમે ત્યારે તકલીફ પડે, તો તું આ ઘરને તારું જ સમજીને આવી જજે. વિશ યુ ઓલ ધી બેસ્ટ!'

(સત્ય ઘટના, કથાબીજ આપનાર ડૉ. શિરીષ નાયક)

❖❖❖

# ઘમંડ કોઈનું ટક્યું છે?

**સ્વાતિ મુકેશ શાહ**

ઘમંડ શબ્દ જ એવો છે કે વિચારતા એના આયુષ્યની ખબર પડી જાય. ઘમંડ શબ્દમાં આવેલો મંડ શબ્દ બતાવે છે કે પાણી ઉપર ફીણ જેટલું ઘમંડનું આયુષ્ય. પછી જેની જેટલી ક્ષમતા.

આપણે ઈતિહાસ જોઈએ તો એમાં પણ ઘણાં ઘમંડી લોકોના ઘમંડ તૂટતાં જણાશે. ઘમંડ વધતાં વ્યક્તિમાં એક પ્રકારનું અભિમાન જાગે છે. અભિમાન તો ભગવાનનું પણ નથી ટક્યું તો આપણે તો મનુષ્ય જીવ છીએ!



અભિમાન વધતાં બુધ્ધિ રુપી આંખ પર ઝાંખપ આવી જાય છે. જેટલો ઘમંડ વધે તેટલી ઝાંખપ વધતી જાય છે. પછી વધેલાં ઘમંડ દ્વારા એક એવી ક્ષણ આવી જાય જ્યારે બુધ્ધિ એવી અવળી થાય કે એ વ્યક્તિથી એક અવળું પગલું તેનાં ઘમંડને ચકનાચૂર કરી દે.

વ્યક્તિનું ઘમંડ વ્યક્તિનાં આધ્યાત્મિક સ્તર દ્વારા નક્કી થાય છે. ઘમંડ નામનો દુર્ગુણ બહુ જ ચીકણો છે. ઘણી વખત તે માત્ર શબ્દોથી જ પ્રગટ નથી થતો. પરંતુ આપણી વર્તણુંકમાં, વાતચીતમાં કોઈના વિષે આપવામાં આવતા અભિપ્રાયમાં, ટીપ્પણીમાં, અરે? આપણા હાવભાવમાં પણ ઘમંડ ચોંટેલો હોય છે. મોટા ભાગનાના જીવનમાંથી હું પણું જતું જ નથી. ઘમંડ હરહંમેશ સ્વનું જ મહત્વ દર્શાવ્યા કરતો હોય છે, જે આપણને આપણામાં ક્યારેય દેખાતો નથી. પરંતુ બીજાના વર્તનમાં આપણે આસાનીથી ઘમંડને જોઈ શકીએ છીએ. આ ઘમંડ છે ને? તે ગૌરવની નકારાત્મક લાગણી છે. એક રીતે સ્વાર્થ અને સ્વાર્થીપણું ઘમંડથી સ્વાભાવિક થઈ જાય છે. આ એવી કાળમુખી વિકૃત અનુભૂતિ છે જે હંમેશા આપણને ચડિયાતા સમજાવે છે. બહુ ઓછા અહંકાર અને ઘમંડને પોતાનાથી અળગા રાખવામાં સફળ થાય છે. તેના માટે હૃદયની વિશાળતા બહુ જ જરૂરી છે, જે દરેકને પ્રેમ અને હૂંફ આપ્યા જ કરે. ઘમંડનો જન્મ બેઈમાનીથી કમાયેલી લક્ષ્મી, સત્તા અને માન-મરતબાની લાલસાવાળાને ત્યાં થાય છે અને આ જ પદ, પૈસો અને પ્રતિષ્ઠા તમારી સુખાકારી, સફળતા અને સમૃદ્ધિનો નાશ કરે છે. બહુ જ અલ્પ અહંકાર ફાયદાકારક નિવડે છે. મોટાભાગના અહંકાર આપણી બરબાદીનું કારણ બને છે.

જ્યારે વિરાટ કોહલી સદી ફટકારે ત્યારે જે આક્રમક વર્તન કરતો હોય છે, ત્યારે મને તે ઘમંડી લાગતો હોય છે. પરંતુ વિચાર કરતાં લાગે છે કે કોહલી ઘમંડી નથી, કેમ કે તેના પ્રતિસ્પર્ધી અને તેની જ ટીમમાં વાઈસ કેપ્ટનની પદવી ધરાવતો રોહિત શર્મા ડબલ સેન્ચ્યુરી ફટકારે ત્યારે પણ તે બેહદ ખુશ હોય છે. એટલે ઘણી વખત આપણને અમુક લોકો ઘમંડી લાગતા હોય છે. પરંતુ તેમ હંમેશા હોતું નથી. ઘમંડ અને ગૌરવ ઓળખવા અઘરા છે. એક નકારાત્મકતા અને બીજો હકારાત્મકતાનું પ્રતિનિધિત્વ કરે છે. ❖❖❖

# લઘુ વાર્તા



એક રાજા એના મંત્રી જોડે નગરમાં ફરવા નીકળ્યા. રસ્તામાં એણે લીલુંછમ ખેતર જોયું એ ખેતરના બીજા છેડે એક પરિવાર રહેતો હતો. પતિ-પત્ની અને એમના બે સંતાનો. અતિશય આનંદમાં તેઓ ગીતો ગાતા હતા. આમ-તેમ ફરતાં હતા અને એમના ચહેરાઓ ઉપર સૂર્ય સમું તેજ હતું. સુખ શું હોઈ શકે એ આ પરિવારને જોતા જ સમજાઇ જાય એમ હતું.

રાજા ને અતિશય આશ્ચર્ય થયું. એણે મંત્રી ને સવાલ કર્યો, 'હું આખા પ્રદેશનો રાજા છું! દોમ દોમ સાહ્યબી છે તેમ છતાં હૂં આ લોકો જેટલો ખુશ કેમ નથી?'

મંત્રી એ હસીને જવાબ આપ્યો, 'એ લોકો ક્લબ ૯૯ નાં સભ્યો નથી અને તમે છો ને એટલે!!'

'ક્લબ ૯૯? એ શું છે??' રાજા ને આશ્ચર્ય થયું.

મંત્રી એ કહ્યું, 'મને ૯૯ સોના મહોર આપો અને આ પ્રશ્ન નો જવાબ હું એક મહિના પછી બસ આ જ જગ્યાએ આપીશ.' રાજા આ મુત્સદ્દિ જવાબથી ચિડાયો, પણ જવાબ જાણવાની ઉત્સુકતાએ એણે મંત્રીને ૯૯ સોનામહોર આપી. મંત્રી એ એજ રાત્રે જઈને એ ૯૯ સોનામહોર ભરેલી થેલી પેલા સુખી પરિવારની ઝુંપડી આગળ મૂકી દીધી.

બીજે દિવસે સવારે જ્યારે પતિએ જાગીને દરવાજા પાસે જોયું તો એને પેલા મંત્રીએ મુકેલી થેલી મળી. એણે અંદર જઈને જોયું તો અંદર સોનામહોર દેખાઈ.

એના આનંદનો પાર ન રહ્યો. એ બધી જ સોનામહોર બહાર કાઢીને ગણવા લાગ્યો. એક,બે,ત્રણ,ચાર.....નવ્વાણું.

કંઈક ભૂલ થઈ લાગતી હોય એમ એણે ફરીવાર ગણવાનું શરૂ કર્યું. ફરીથી આંકડો ૯૯ નો જ આવ્યો. એણે એની પત્નીને બોલાવી અને કહ્યું, 'તું આ સોનામહોર ગણ. એને ય આંકડો ૯૯ નો જ આવ્યો.'

સહેજ હતાશ થઈને પતિએ મનોમન વિચાર કર્યો, 'જો એક સોનામહોર હું મહેનત કરીને કમાઈ લઈશ તો અમારી પાસે પૂરી ૧૦૦ સોનામહોર થઈ જશે.' એ દિવસ રાત મહેનત કરવા લાગ્યો. ખેતરમાંથી પાક વધુ અને સારો થાય એને માટે અથાક પરિશ્રમ કરવા લાગ્યો.

એવામાં એક દિવસ સાંજે ઘરે આવીને એણે સોનામહોર ગણી......તો આંકડો ૯૭ નો જ આવ્યો.

'આમાંથી બે સોનામહોર ઓછી કેવી રીતે થઈ ગઈ?' એણે અતિશય ગુસ્સામાં કહ્યું.

એની પત્ની એ અંદરથી જવાબ આપ્યો, 'બે સોનામહોર માંથી હું ખરીદી કરી આવી! જુઓ આ સાડી ......કેવી લાગે છે ?'

પતિનો પિત્તો ગયો, 'તને બે સોનામહોર વાપરવાનું કોણે કહ્યું હતું? હું અહીં આટલી મહેનત કરીને એક સોનામહોર કમાવાની કોશિશ કરું છું અને તું બે વાપરી આવી?' 'તમે તો સ્વભાવે જ કંજૂસ છો. ક્યારેય વાપરવાના તો હતા નહીં એટલે મેં જ એનો ઉપયોગ કર્યો', પત્નીએ છણકો કર્યો.

એવામાં બીજે દિવસે એનો છોકરો એક સોનામહોર વેચીને નવી ઘડિયાળ લઈ આવ્યો. પેલો માણસ ફરી એની ઉપર ચિડાયો. 'સોનામહોર ઘટતી ગઈ'..... અને.......' કંકાસ વધતો ગયો.'

બરાબર એક મહિને રાજા અને મંત્રી ફરી એ જ જગ્યા એ ઊભા રહીને જુએ છે તો પરિવારમાંથી સુખનું નામો નિશાન નહોતું.

ચહેરા ઉપરની રોનક ઉડી ગઈ હતી. અતિશય ગંભીરતા ભર્યું વાતાવરણ હતું. એમ લાગતું હતું કે ગમે ત્યારે ઝઘડો ફાટી નીકળશે. રાજાને અતિશય નવાઈ લાગી. મંત્રી ને મંદ મંદ હસતા જોઈ એણે પૂછ્યું, 'શું થયું આ લોકોને? સુખ ક્યાં ગયું?'

મંત્રીએ હસીને જવાબ આપ્યો, 'રાજન! હવે આ લોકો પણ ક્લબ ૯૯ ના સભ્યો છે.' 'તમે આપેલી ૯૯ સોનામહોર મેં એમના ઘરને દરવાજે મૂકી દીધી. અને એ ૯૯ સોનામહોર ને ૧૦૦ કેમ કરવી એની પળોજણમાં આ પરિવારનું સુખ હણાઈ ગયું.'

આપણામાંથી એવા ઘણા છે જેની પાસે ૯૯ સોનામહોર પડેલી જ છે. પણ બીજી એક સોનામહોર કમાવાની માથાકૂટમાં ને માથાકૂટમાં એ ૯૯ સોનામહોર ખોટી જગ્યા એ વેડફાઈ જાય છે અથવા તો સોનામહોરો એમને એમ મૂકીને પોતે જ ગુજરી જાય છે.

જે નથી મળ્યું એની પાછળ દોડવા કરતા જે મળ્યું છે એનો આનંદ માણતા જો આવડી જાય ને તો ૯૯ ટકા મુશ્કેલીઓ સમાપ્ત થઈ જશે અને ૯૯ સોનામહોર નો ભાર પણ માથે નહીં રહે!

મારી નમ્ર વિનંતી છે કે.......

જો તમે પણ ક્લબ ૯૯ની સભ્ય ફી ભરી હોય તો તાત્કાલિક ધોરણે સભ્યપદ છોડી દેશો.

❖❖❖



# ભેટ

ડૉ. આઈ. કે. વીજળીવાળા

ભણવામાં ખૂબ જ હોશિયાર એવો અતિશ્રીમંત ઘરનો એક નવયુવક કૉલેજના અંતિમ વરસની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. એના પિતા એ વિસ્તારના સૌથી ધનવાન અને પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ હતા. છોકરો પણ ભણવામાં ખૂબ તેજસ્વી હતો.

એક દિવસ જમવાના ટેબલ પર થતી વાતચીત દરમિયાન એના પિતાએ પૂછ્યું કે પરીક્ષાની તૈયારીઓ કેવી ચાલે છે ? એના જવાબમાં દીકરાએ જવાબ આપ્યો કે ખૂબ જ સરસ અને કદાચ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર આવી જાય તો પણ નવાઈ નહીં. બાપ આ સાંભળીને ખૂબ ખુશ થયો. થોડી વાર પછી એ યુવકે ફરી પૂછ્યું કે, 'પિતાજી, જો મારો પ્રથમ નંબર આવે તો ફલાણા શૉરૂમમાં રાખવામાં આવેલી હોન્ડાની નવી સ્પૉર્ટ્સ કાર મને ભેટમાં આપશો ખરા ?'

બાપે હા પાડી. એના માટે તો આવી કારની ખરીદી એ રમતવાત હતી. પેલો યુવક ખૂબ રાજી થઈ ગયો. એ કાર ખરેખર તો એના માટે ડ્રીમ કાર હતી. એનો વાંચવાનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ. એ ઉપરાંત એણે સાચા અર્થમાં તનતોડ મહેનત શરૂ કરી દીધી. રોજ કૉલેજથી આવતાં-જતાં એ પેલા શૉ-રૂમ પાસે ઊભો રહી હોન્ડા-સ્પૉર્ટ્સ-કારણે બે ક્ષણ જોઈ લેતો. થોડા દિવસો પછી જ આ કારના સ્ટિયરિંગ પર પોતાની આંગળીઓ ફરતી હશે એ વિચારમાત્ર એને રોમાંચિત કરી દેતો. એણે આ અંગે પોતાના મિત્રોને પણ વાક કરી રાખી હતી.

ધારણા પ્રમાણે જ એની પરીક્ષા ખૂબ જ સરસ રહી. યુવિવર્સિટીમાં એ પ્રથમ આવ્યો છે એવી જાણ થતાં જ એણે કૉલેજ પરથી પોતાના પિતાને ફોન કરી દીધો. પોતાની ભેટની વાત પણ યાદ કરાવી દીધી. પછી એ ઘરે જવા નીકળ્યો. જેમ જેમ ઘર નજીક આવતું ગયું તેમ તેમ એના ધબકારા વધવા લાગ્યા. પોતાના આંગણામાં ગોઠવાયેલી સ્પૉર્ટ્સ કાર કેવી સરસ લાગતી હશે એની કલ્પના કરતો એ ઘરે પહોંચ્યો. કમ્પાઉન્ડનો દરવાજો ખોલીને આંગણામાં એણે નજર નાખી, પણ પેલા કાર ક્યાંય દેખાઈ નહીં.

એ થોડોક નિરાશ અને ઉદાસ થઈ ગયો. કદાચ કારની ડિલિવરી પછી લેવાની હશે તેમ વિચારીને એ ઘરમાં દાખલ થયો. નોકરે એને આવીને કહ્યું કે શેઠસાહેબ એમના રૂમમાં એના આવવાની રાહ જુએ છે. દોડતો એ પિતાજીના રૂમમાં પહોંચ્યો. એના પિતાજી જાણે એના આવવાની રાહ જ જોઈ રહ્યા હોય તેવું લાગ્યું. એના આવતાં જ એમણે ઊભા થઈ એ યુવકને ગળે વળગાડ્યો. અમીર બાપનો દીકરો હોવા છતાં બાપના પૈસે તાગડધિન્ના કરવાને બદલે દિલ દઈને ભણવાવાળા દીકરા માટે એમને કેટલું બધું ગૌરવ છે એવુ પણ કહ્યું. પછી સુંદર કાગળમાં વીંટાળેલું એક નાનકડું બૉક્સ એને આપીને કહ્યું : 'દીકરા, આમ જ આગળ વધતો રહે એવા મારા આશીર્વાદ છે. આ લે તારા માટે મારા તરફથી ઉત્તમ ભેટ !' એટલું કહી બૉક્સ દીકરાના હાથમાં આપી તેઓ પોતાના કામે જવા નીકળી ગયા.

પિતાના ગયા પછી દીકરાએ બૉક્સ ખોલ્યું. જોયું તો એમાં પાકા પૂઠાંવાળું સોનેરી અક્ષરોથી લખાયેલું બાઈબલ હતું. બાઈબલ બંને હાથમાં પકડીને એ થોડી વાર એની સામે જોઈ રહ્યો. એને અત્યંત ગુસ્સો આવ્યો. બાઈબલ એમ જ ટેબલ પર મૂકીને એ વિચારમાં પડી ગયો. ઘરમાં અઢળક પૈસો હોવા છતાં પોતાની એક જ માગણી પૂરી કરવામાં બાપનો જીવ ન ચાલ્યો એ વાત એને હાડોહાડ કોરી ખાતી હતી. સ્પૉર્ટ્સ કાર અપાવવાની હા પાડ્યા પછી પણ પિતાનો જીવ ન ચાલ્યો એનું એને ખૂબ જ લાગી આવ્યું. એ પાતે પણ સ્વમાની હતો એટલે બીજી વખત પિતા પાસે માગવાનો કે એમને યાદ અપાવવાનો તો સવાલ જ નહોતો પેદા થતો. ઘણો વખત વિચાર કર્યા પછી એણે કાગળ લીધો. એમાં ટૂંકમાં એટલું જ લખ્યું કે, 'પૂજ્ય પિતાજી, સ્પૉર્ટ્સ કારને બદલે બાઈબલ આપવામાં આપનો કોઈ શુભ ઈરાદો જ હશે એમ માનું છું. પણ મારે સ્પૉર્ટ્સકાર જોઈતી હતી. હું ઘરેથી જાઉં છું. ક્યાં જાઉં છું તે નહીં કહું. જ્યારે તમારી સમકક્ષ પૈસાદાર બની જઈશ ત્યારે જ હવે તમને મોં બતાવીશ. એ જ... ... પ્રણામ.'

ચિઠ્ઠી બાઈબલના બૉક્સ પર મૂકી એ ઘરેથી નીકળી ગયો. નોકરોએ એને પાછો વાળવાની અને ક્યાં જઈ રહ્યો છે એ જાણવાની ખૂબ કોશિશ કરી જોઈ, પરંતુ વ્યર્થ ! કોઈને કંઈ પણ કહ્યા વિના એ જતો રહ્યો.

વરસો વીતી ગયાં. યુવકનાં નસીબ ખૂબ સારાં હતાં. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ એટલે એણે જે બિઝનેસ શરૂ કર્યો તેમાં તેને અણધારી સફળતા મળી અને એ અતિશ્રીમંત બની ગયો. સુંદર મજાનું ઘર

બનાવી એણે લગ્ન પણ કરી લીધાં. વચ્ચે વચ્ચે એને પોતાના પ્રેમાળ પિતા યાદ આવી જતા. પરંતુ એ પ્રેમાળ ચહેરા પાછળ રહેલો કંજૂસ માણસનો ચહેરો એને તરત જ દેખાતો. માતાના મૃત્યુ પછી પોતે આટલા વરસમાં એક સ્પૉર્ટ્સ-કાર જ માગી અને અઢળક પૈસો હોવા છતાં એના પિતાએ કારને બદલે સુફિયાણી ફિલૉસૉફી ઝાડવા ફક્ત બાઈબલ જ આપ્યું, એ યાદ આવતાં જ એનું મન કડવાશથી ભરાઈ જતું.

પરંતુ એક દિવસ વહેલી સવારથી જ ન જાણે કેમ એને એના પિતાની યાદ ખૂબ જ આવતી હતી. હવે તો એ ઘણા વૃદ્ધ પણ થઈ ગયા હશે. કંઈ નહીં તો એમની સાથે વાત તો કરવી જ જોઈએ. વૃદ્ધ માણસોને સંતાનોના અવાજથી પણ શાતા વળતી હોય છે. પિતા સાથે ફોન પર વાત કરવાની એને અતિતીવ્ર ઈચ્છા થઈ આવી. આમેય સમયની સાથે દરેક ગુસ્સાનું કારણ નાનું થતું જાય છે અને એકાદ દિવસ પણ આવે કે માણસને એમ થાય કે, 'અરે ! આવા નાના અને વાહિયાત કારણ માટે આપણે આટલા બધા ગુસ્સે થયા હતા ?!' આવું જ કંઈક એ યુવાનની સાથે બની રહ્યું હતું.

એણે ફોન લઈ પોતાના ઘરનો નંબર ઘુમાવ્યો. સામા છેડે જ્યારે કોઈએ ફોન ઊંચક્યો ત્યારે તો એના ધબકારા ખૂબ વધી ગયા હતા. પિતાજી સાથે પોતે કઈ રીતે વાત કરી શકશે એની અવઢવ સાથે એણે 'હેલો !' કહ્યું. પણ એને નિરાશા સાંપડી. સામા છેડે એના પિતાજી નહોતા પણ ઘરનો નોકર હતો.

નોકરે કહ્યું કે, 'શેઠસાહેબ તો અઠવાડિયા પહેલાં અવસાન પામ્યા. તમે પોતાનું સરનામું જણાવેલ નહીં એટલે તમને જાણ શી રીતે કરી શકાય ? પણ મરતાં સુધી તમને યાદ કરીને રડતા હતા. એમણે કહેલું કે તમારો ફોન ક્યારેય પણ આવે તો તમને બધો કારોબાર સંભાળવા બોલાવી લેવા. એટલે તમે આવી જાવ !'

પેલા યુવક પર તો જાણે વજ્રાઘાત થયો. પોતાના પિતાને એમની છેલ્લી ક્ષણોમાં પણ મળી ન શકાયું એ વાતની વેદનાએ એના હૈયાને વલોવી નાખ્યું. પણ હવે શું થાય ? પોતાના ઘરે પાછા જવાની ઈચ્છા સાથે એણ સહકુટુંબ વતન તકફ પ્રયાણ કર્યું.

ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડી વાર આંસક બંધ કરીને એ એમ જ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એની બધી જ વસ્તુઓ બરાબર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. પિતાજી ચોખ્ખાઈ અને સુઘડતાના ખૂબ જ આગ્રહી હતા, એ બરાબર દેખાઈ આવતું હતું. એવામાં એની નજર પોતાના ટેબલ પર પડેલ સોનેરી અક્ષરવાળા બાઈબલ પર પડી, આ એ જ બાઈબલ હતું જેના કારણે એણે ઘર છોડ્યું હતું. એના મનમાંથી પિતાજી માટેની બદી જ કડવાશ ગાયબ થઈ ગઈ હતી. એણે બાઈબલ હાથમાં લઈ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતું, 'હે ભગવાન ! મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઈ રીતે આપવી તે તું મને શિખવાડજે. અણે માગેલ વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોનો વારસો પણ આપી શકું એવું કરજે.'

એ યુવકને આડે પોતાના પિતાએ લખેલ આ શબ્દો બાઈબલના શબ્દો જેટલા જ મહાન લાગ્યા. એ શબ્દોને ચૂમવા એણે બાઈબલને હોઠે લગાડ્યું. એ જ વખતે એનાં પાનાંઓ વચ્ચે કયાંક છુપાયેલ એક નાનકડું કવર નીચે જમીન પર પડયું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા સ્પૉર્ટ્સ-કારની ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું પેલા શૉ-રૂમનું બિલ હતું. એના પર તારીખ હતીઃ એ પ્રથમ નંબરે પાસ થઈને આવ્યો હતો એ જ દિવસની !...

કંઈ કેટલીય વાર સુધી એ નીચે બેસી રહ્યો. પછી હૃદય ફાટી જાય એટલું બધું રડ્યો. ધ્રુસકે ધ્રુસકે. એ પછી કલાકો સુધી સૂનમૂન બની એ પોતાના પિતાજીની છબી સામે જોતા રહ્યો.

★★★

ભેટ આપણે ધારીએ એ રીતે મળે તો જ આપણે એનો સ્વીકાર કરીએ એ તો કેવું ? વડીલો તો ઠીક, ભગવાન તરફથી જુદી જુદી રીતે પૅકિંગ કરાયેલ આવી કેટલી બધી ભેટોનો આપણે અસ્વીકાર કરતાં હોઈશું ? કારણ એક જ કે આપણી ધારણા પ્રમાણે એનું પૅકિંગ થયું નથી હોતું. બસ ! એટલું જ !

❖❖❖



### મોર્નિંગ ટી

થોડુંક પાણી અફસોસનું ઉકાળો,
ખુશીનું ઘણું બધું દૂધ નાંખો,
વિચારના થોડા પાંદડા નાંખો,
થોડોક દુઃખનો બારીક ભૂકો,
અને હાસ્યની ખાંડ ઉમેરો...
થોડીવાર માટે સપનાને ઉકળવા દો,
આ જિંદગીની ચા છે સાહેબ...
શાંતિના કપમાં તેને ગાળીને,
એક-એક ઘૂંટ પીઓ અને મઝા કરો.

# મજબૂરી કે ખુમારી ? ?

**જાદવજી કાનજી વોરા**



**અ**મારા કુટુંબની એક મજબૂર દીકરીનો સાચો જ દાખલો આપણે મજબૂરીથી જીવવું જોઈએ કે પછી ખુમારીપૂર્વક ? આનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે. નાની હતી ત્યારે તો તેને કંઇ ખ્યાલ જ નહોતો કે જીવનમાં તેણે આવી મજબૂરીનો સામનો કરવો પડશે ! એના માવિત્રોએ તો એના ધામધૂમથી લગ્ન કર્યા હતા. શરૂઆતમાં તો બધું જ બરાબર ચાલ્યું. પહેલાં એક બાબો અને પછી એક બેબીની પધરામણી પણ થઈ. શરૂઆતના સાત-આઠ વરસ તો શાંતિથી પસાર થઈ ગયા. પછી જો કે એકાએક મુસીબતોનો પહાડ તૂટી પડ્યો. મુસીબતો આવે છે ત્યારે ક્યાં કહીને આવે છે ! એક દિવસ ઓચિંતા જ એના પતિને હાર્ટ એટેક આવ્યો અને જોતજોતામાં તો તેનું પ્રાણ પંખેરું ઊડી ગયું. હજુ તો ઉગતી જવાની હતી અને આ દીકરી ઉપર પોતાની તો ખરી જ પણ એના દીકરા, દીકરી અને પોતાના વયસ્ક સાસુ અને સસરાની જવાબદારી આવી પડી ! ખાસ વધારે જીવનવિમો ન હતો અને પોતે વધારે ભણેલી પણ ન હતી. હવે તેની સામે પ્રશ્ન ખડો થયો કે હવે બાકીની જીંદગી તેણે મજબૂરીથી જીવવું જોઈએ કે પછી ખુમારીપૂર્વક ? જો કે સાસુ-સસરા હોવાથી બીજા લગ્નનો તો પ્રશ્ન જ ન હતો ! તેણે ખુમારીપૂર્વક જીવવાનો નિર્ણય લીધો.

આ દીકરીએ નોટબુકો ડોંબીવલીથી જુદા જુદા સ્થળોએ પહોંચાડવાની એક સામાન્ય નોકરી સ્વીકારી લીધી. પગારમાં તો ક્યાનું પૂરું થાય ? આ નોટબુકોની સાથે સાથે તેણે સામાન્ય રૂમાલ, પર્સ, ચાંદલા જેવી લેડીઝ આઇટમો પણ વેંચવાનું શરૂ કર્યું. બે બે મોટા થેલાઓ ઉંચકીને તેણે રેલ્વેની ગીરદીમાં કેટલાય સ્ટેશનોએ ઊતરવું પડતું. અનુકંપાથી પ્રેરાઈને સગાવહાલા તથા આડોશીપાડોશી વગેરે લોકો તેની પાસેથી માલ ખરીદતા હતા. મને ખ્યાલ છે કે તેના કેટલાય સગા સંબંધીઓએ તેને આવી મજુરીને બદલે તેને ઘર ચલાવવા માટે ટેકો આપવા તૈયાર હતા. પણ, તેણીનો નિર્ધાર હતો કે ખુમારીથી જીવવું. આમ તેનું ગાડું ગબડતું હતું. જો કે એના બંને બાળકો ભણવામાં હોંશિયાર હતા. પોતાની મા ને આવી રીતે કાળી મજૂરી કરતી જોઇને આ બંને બાળકો પણ પોતાની જવાબદારીથી ભણવા લાગ્યા. સમય પસાર થવા લાગ્યો. તેણીનો એક જ નિર્ધાર હતો કે તેના બાળકો ભણતરમાં આગળ વધે. બંને બાળકો એસ.એસ.સી. કરીને હવે સ્કોલરશીપ, લોન, સામાજીક સંસ્થાઓ પાસેથી ફ્રી ચોપડાઓ વગેરે લઈને ભણવામાં આગળ વધવા લાગ્યા. તમને જાણીને નવાઈ લાગશે કે આજે હવે દીકરી ડોકટર તથા દીકરો એન્જીનીયર થઈ ગયા છે. હવે તે બંનેના લગ્ન પણ થઈ ગયા છે. હવે જો કે આ દીકરીએ સ્વાભાવિક છે કે પોતાની નોકરી તો વહેલી જ છોડી દીધી છે. ખરેખર, એક નિર્ધાર અને સાચી મહેનતથી શું શક્ય નથી ? મજબૂરી કે ખુમારીમાં આ દીકરીએ ખુમારીપૂર્વક જીવીને સમાજને એક જબ્બર દાખલો પૂરો પાડ્યો છે !

આવો જ એક વર્ષો જુનો મારા અનુભવનો સાચો જ દાખલો છે, ગણેશનો. અમે એ વખતે માટુંગાની પોદાર કોલેજમાં અમારો અભ્યાસ કરી રહ્યા હતા. અમારા વિચારો તો આદર્શ હતા જ. મહિનામાં ભલે બે-ત્રણ રવિવાર હરવા, ફરવામાં કે નાટક સિનેમા જોવામાં ગાળીએ પણ એકાદ રવિવાર તો હોસ્પિટાલમાં જઈને કોઈ એકલવાયા દર્દીની પાસે જઈ તેની પીઠ પર હાથ પસરાવતાં તેને હુંફ મળે એવા બે ચાર શબ્દો કહેવામાં ગાળીએ તો કેવું સારૂં ! આવું વાંચીને અમને પ્રેરણા મળી અને પોદાર કોલેજમાં ભણતા અમે ચારેક મિત્રોએ ભેગા

મળીને હમદર્દી મંદિર નામક એક સંસ્થાની શરૂઆત કરી. કે.ઇ.એમ. હોસ્પિટાલનો વોર્ડ નં ૨૫ એટલે ઓર્થોપેડિક વિભાગ. અહીં સામાન્ય રીતે દર્દીઓ એટલે લાંબા ગાળાના દર્દીઓ. બે ત્રણ કે પછી પાંચ સાત વરસ રહેનારા દર્દીઓ પણ અહીં જ રહે. સામાન્ય રીતે આવા દર્દીઓની પાસે કોઇ કુટુંબીઓ પણ ન આવે. ત્યાં અમને ગણેશ નામક એક યુવાનની સર્જનહાર ગુજરાતી માસિક ઓળખાણ થઇ. પેરાપ્લેજીક એટલે કે શરીરની નીચેનું અર્ધું અંગ કામ ન કરે. તે જ્યાં કામ પર હતો ત્યાં ગુણીઓની એક થપ્પી પડવાથી તેનું શરીરની નીચેનું અર્ધું અંગ કામ કરતું ન હતું. મજાનો છોકરો હંમેશાં હસતો જ હોય. હસીને બધાને આવકારે. એ વખતે પ્લાસ્ટીકના વાયરને બોટલ ઉપર વીંટાળીને તેને સુંદર રીતે શણગારવામાં આવતી. આવી બોટલ વેંચવામાં આવે ત્યારે ખાસા એવા રૂપિયા પણ મળતા. ગણેશ પડ્યે પડ્યે આવી રીતે શણગારેલી બોટલોનું ત્યાં આવતા અન્ય દર્દીઓના મુલાકાતીઓને આ બોટલો બતાવીને તેનું વેચાણ કરતો. જેવા અમે ગણેશને અમારી સાથે લાવેલા મોસંબી તથા પાંઉ આપવા ગયા કે ગણેશ અમને કહેવા લાગ્યો કે, ‘ભાઇઓ, હું તો બરોબર છું, તમે અન્ય જરૂરતવાળા દર્દીઓને આ ફ્રુટ વગેરે આપો.’ જુઓને અર્ધું શરીર કામ કરતું નથી અને છેલ્લા સાત વરસથી આ પેરાપ્લેજીક પેશન્ટ ગણેશ કેવી ખુમારીથી કહી રહ્યો છે કે, ‘ભાઇઓ, હું તો બરોબર છું, તમે અન્ય જરૂરતવાળા દર્દીઓને આ ફ્રુટ વગેરે આપો!’ ગણેશની ખુમારી તો અમે જોતા જ રહ્યા!

મજબૂરીની જગ્યાએ આવી ખુમારીપૂર્વક જીવી રહેલા કેટલાય લોકો તથા દેશોના દાખલાઓ છે. આપણા દેશનો દાખલો લઇએ તો, ક્યાં અત્યંત ગરીબ અને અન્ય દેશો પાસેથી મદદ માંગતો આપણો કર્જથી દટાયેલો દેશ અને ક્યાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડા પ્રધાનપદે આવ્યા બાદ અન્ય દેશોને મદદ પૂરી પાડતો આપણો આત્મ નિર્ભર દેશ! હાલમાં જ નાક વાટે લેવાતી કોરોના માટેની નોઝલ રસીનું આપણા દેશે ઉત્પાદન કરીને દુનિયાભરમાં સર્વ પ્રથમ દેશ બન્યો છે તથા હવે તો આ રસીની નિકાસ કરીને દુનિયાના લોકોને કોરોનામુક્ત અભિયાન કરવાનો યજ્ઞ આદરવાનો છે.

આપણે ઘણી વખત સાંભળ્યું છે કે, ‘મજબૂરીનું નામ મહાત્મા ગાંધી !!!’ ગાંધીજીએ કહ્યું હતું કે, ‘કોઈ એક ગાલ પર લપડાક લગાવે ત્યારે બીજો ગાલ સામે ધરવો.’ આ ઉક્તિ એક પ્રકારની લાચારીની સૂચક છે. જો કે તેનો અર્થ પણ કાંઇ નથી. જ્યારે કોઇ લાચાર કે નિર્બળ માણસના એક ગાલ પર થપ્પડ પડે છે ત્યારે હકીકતમાં તે કાંઇ જ કરી શકવા સમર્થ ન હોવાથી તે સમસમીને રહી જતો હોય છે. એ માણસ ક્યારેય પણ રાજીખુશીથી તો બીજો ગાલ સામો ધરવાનો જ નથી. ધ્યાનમાં રહે કે આવી વ્યક્તિ અહિંસક નથી. જો એનામાં તાકાત હોત તો ચોક્કસ એ એનો જવાબ આપવાની પણ ઇચ્છા ધરાવે જ છે. નિરુપાય હોવાથી આવા નબળા માણસની પાસે અન્ય કોઇ વિકલ્પ જ ન હોવાથી તેને બીજો ગાલ સામે ધરવાની સલાહ આપવામાં આવી છે.

મિત્રો, ચાલો આપણે મજબૂરી સાથેનું જીવન પસાર કરવાને બદલે ખુમારી સાથે જીવીએ અને આમ રોજ રોજ મરવાથી બચીએ. ધ્યાનમાં રાખજો કે હંમેશ આપણે ખુમારીપૂર્વક જ જીવવાનું છે.

❖❖❖

*તણખલાં ભેગા કરી પંખી સમું*
*એક ઘર બનાવ્યું છે...*
*બહારથી સાવ નાનું , પણ..*
*અંદરથી મોટું રાખ્યું છે.*

*માળિયું, ઓટલો ને ઉંબરો તો,*
*ગામડે જ રહી ગયાં...!!!*
*પાણીયારાની જગ્યાએ એક*
*R.O. લગાવ્યું છે...!!!*

*તમે જ કહો આ ત્રીજા માળે*
*ફળિયું ક્યાંથી લાવવું. ???*
*એટલે લિવિંગ રૂમમાં,*
*ફળિયાનું એક ચિત્ર ટાંગ્યું છે.!!!*

*એમાં ઓશરી નથી પણ*
*મારો આશરો બની જશે,*
*રસોડાનું કિચન, ને વાળુનું નામ*
*અહીં ડિનર રાખ્યું છે...!!!*

*બાલ્કની સરસ છે, આવી તો*
*ગામડે પણ નો’તી હોં.!!!*
*હિંડોળાની જગ્યાએ ત્યાં*
*બિન-બેગ મુકાવ્યું છે.!!!*

*હવે જિંદગી આખી જશે*
*સોરી ને થેંક્યું કહેવામાં.!!!*
*‘જય શ્રી કૃષ્ણ’ ની જગ્યાએ મેં,*
*ગુડ મોર્નિંગ રાખ્યું છે...!!!*

*કેમ કરી છૂટે વળગણ,*
*બાળપણની ગલીઓનું...!!!*
*અંતર મહીં મારું ગામડું*
*મેં અડીખમ જીવાડ્યું છે...!!!*

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૫૯૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક ‘Zalawadi Sabha Charitable Foundation’ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- શ્રી જયંતીલાલ નગીનદાસ મણીયારના સ્મરણાર્થે હસ્તે જયાબેન જયંતીલાલ મણીયાર (હાલ - વિલેપારલા)
- એક સદગૃહસ્થ તરફથી

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : નિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**


Australia
13N I 14D
POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
The Prestigious Tour Company For
Gujarati, Kutchi and Rajasthani Tourists
Rs.3,60,000 Per Person
5% GST + 5% TCS Extra
Departure Date ..
Nov '23 : 01,15 I Dec '23 : 01,15
Jan '24 : 26 I Apr '24 : 01,15
May '24 : 01,15
50% CASH BACK
On Booking Amount
100% Veg. Jain
New Zealand
13N I 14D
Departure Date ..
Rs.3,60,000 Per Person
5% GST + 5% TCS Extra
Oct '23 : 01 ( Full ), 16 I Nov '23 : 01, 15 ( Full )
Dec '23 : 01 ( Full ) I Jan '24 : 10 ( Full )
Apr '24 : 01, 15 I May '24 : 01, 15
Warm Water & all other arrangements will be done for your Rituals
All Veg. & Jain meals made by our own Rajasthani Chef
Founder TEJAS SHAH 9930993825 7977628030
Sales Team • Neel Vora 86559 44508 • Karishma Dave 86559 44506 • Rahul Patel 86559 44507 • Ankit Bahuwa 86559 44509
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 022-40031840, 7021884895
Advt.



POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
The Prestigious Tour Company For Gujarati, Kutchi and Rajasthani Tourists
ANDAMAN NICOBAR
AMAZING 6N 7D PACKAGE
Rs. 1,00,000 Per Person
Including 5% GST
Departure Date ..
Oct '23 To Mar '24
Every Week
ચોવીયાર, એકાશના, બેયાસના અને આયંબિલ ની વ્યવસ્થા પણ તિથિના દિવસે કરી આપવામાં આવશે
50% CASH BACK
On Booking Amount
ઉકાળેલા પાણીની પણ વ્યવસ્થા આખી ટ્રીપમાં કરી આપવામાં આવશે
શુદ્ધ શાકાહારી અને જૈન ભોજનો ની વ્યવસ્થા અમારા રાજસ્થાની મહારાજ દ્વારા
૫૦% કેશ બેક ઓફર એટલે શું?
૧) સૌ પ્રથમ તો ૫૦% કેશ બેક ઓફર ઓન બુકિંગ પેમેન્ટ પર છે.
૨) તમને આ ટૂરમાં કોઈપણ જાતનું ડિસ્કાઉન્ટ નહિ મળે.
૩) તમને બીજી ટૂરમાં ડિસ્કાઉન્ટ મળશે.
૪) તમે અત્યારે બુકિંગ કરતી વખતે જે પણ બુકિંગ પેમેન્ટ કારસો એમાં થી જીએસટી અને TCS ની કિંમત બાદ કરીને જે પણ બેલેન્સ હસે એના ૫૦% ની તમને ક્રેડિટ નોટ મળશે.
૫) આ ક્રેડિટ નોટનો ઉપયોગ એપ્રિલ ૨૦૨૪ થી એપ્રિલ ૨૦૨૭ ની વચ્ચે બીજી કોઈપણ ટૂર બુક કરસો ત્યારે તમારા ટોટલ બિલ માં થી આ ક્રેડિટ નોટની કિંમત બાદ થઈ જસે અને તમારે બેલેન્સ પેમેન્ટ કરવું પડશે.
૬) દાખલા તરીકે તમે અત્યારે દુબઈની ટૂર બુક કરી , જેની કિંમત છે ૧,૫૦,૦૦૦ + ૫% જીએસટી + ૫% TCS = ૧,૬૫,૦૦૦ પ્રતિ વ્યક્તિ એટલે ૨ વ્યક્તિના ૩,૩૦,૦૦૦ રૂપિયા થયા. હવે તમે જો ૩૦ જૂન સુધીમાં ૧૦૦% રૂપિયા (એટલે કે ૩,૩૦,૦૦૦) ભરીને તમે બુકિંગ કરાવ્યું તો તમને ૧,૫૦,૦૦૦/– ની ક્રેડિટ નોટ મળશે (૩,૩૦,૦૦૦ માંથી ૩૦૦૦૦ ટેક્સના બાદ કરીને ૩,૦૦,૦૦૦ ના ૫૦% ની ક્રેડિટ નોટ મળશે, ટેક્સ ઉપર કોઈપણ જાતની ક્રેડિટ નોટ નહિ મળે). હવે તમે આવતા વર્ષે વિએટનામ ની ટૂર બુક કરી ત્યારે તમાં બિલ થશે ૧,૬૦,૦૦૦ * ૨ = ૩,૨૦,૦૦૦ + ૫% જીએસટી + ૨૦% TCS = ૪,૦૦,૦૦૦ તે વખતે ૪,૦૦,૦૦૦ માંથી ક્રેડિટ નોટની કિંમત ૧,૫૦,૦૦૦ બાદ થઈ જસે અને તમારે ફક્ત ૨,૫૦,૦૦૦ ભરવાના રહેશે.
Founder TEJAS SHAH 9930993825 7977628030
Sales Team • Neel Vora 86559 44508 • Karishma Dave 86559 44506 • Rahul Patel 86559 44507 • Ankit Bahuwa 86559 44509
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 022-40031840, 7021884895


Advt.



POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
The Prestigious Tour Company For Gujarati, Kutchi and Rajasthani Tourists
Japan
11N I 12D
Per Person
Rs.3,60,000
5% GST + 5% TCS Extra
Departure Dates :
Jan '24 : 26 I Feb '24 : 08,21
Mar '24 : 05,18,31 I Apr '24 : 12,25
50% On Booking Amount
CASH BACK
All Veg. & Jain meals made by our own Rajasthani Chef
Warm Water & all other arrangements will be done for your Rituals
Vietnam
09N I 10D
Per Person
Rs.1,60,000
5% GST + 5% TCS Extra
Departure Dates :
Oct '23 : 05,16,26 I Nov '23 : 06,13,16,23,27
Dec '23 : 07,18,25 I Jan '24 : 04,15,25
Feb '24 : 05,16,27 I Mar '24 : 09,19,29
Apr '24 : 10,20,30 I May '24 : 05,10,15,20,25,30
Jun '24 : 05,10
100%
Veg. Jain
Founder TEJAS SHAH 9930993825 7977628030
Sales Team • Neel Vora 86559 44508 • Karishma Dave 86559 44506 • Rahul Patel 86559 44507 • Ankit Bahuwa 86559 44509
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 022-40031840, 7021884895


Advt.


POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
The Prestigious Tour Company For Gujarati, Kutchi and Rajasthani Tourists
Africa South 12N 13D
Rs.2,50,000 Per Person
5% GST + 5% TCS Extra
Departure Date ..
Nov '23 : 01,14
Dec '23 : 01,14
Mar '24 : 10
Apr '24 : 01,15
May '24 : 01,15
Dubai 07N 08D
Rs.1,50,000 Per Person
5% GST + 5% TCS Extra
Departure Date ..
Sept '23 : 30 | Oct'23 : 07,14,21,28
Nov '23 : 04,11,12,14,16,18,25
Dec '23 : 02,09,16,23,25,27,29,30
Jan '24 : 06,13,20,27 | Feb '24 : 03,10,17,24
Mar '24 : 02,09,16,23,30 | Apr '24 : 06,13,20,27
All Veg. & Jain meals made by our own Rajasthani Chef
50% CASH BACK On Booking Amount
Warm Water & all other arrangements will be done for your Rituals
Founder TEJAS SHAH 9930993825 7977628030
Sales Team • Neel Vora 86559 44508 • Karishma Dave 86559 44506 • Rahul Patel 86559 44507 • Ankit Bahuwa 86559 44509
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 022-40031840, 7021884895
Advt.

## શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ

મુંબઈ જૈન પત્રકાર સંઘ તરફથી જૈન પત્રકારોને દર વર્ષે એવોર્ડ આપવામાં આવે છે. પત્રકારોને પ્રોત્સાહન મળે તેના માટે સંસ્થાએ અલગ અલગ કેટેગરીના સાત એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. પત્રકાર મિત્રો દર વર્ષની માફક આ વર્ષે પણ વધુ ને વધુ પ્રમાણમાં ભાગ લે તેવી પત્રકાર સંઘની અપેક્ષા છે.

(૧) શ્રીમતી રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગાર્ડી 'વિદ્યાવારિધિ' ૧૮માં એવોર્ડ હરિફાઈ માટે સન ૨૦૨૨ના એપ્રિલથી ૨૦૨૩ના માર્ચમાં કોઈપણ અખબાર, મેગેઝિનમાં પ્રસિદ્ધ થયેલ લેખ (સંપૂટ) સંસ્થાના સરનામે મોકલી આપવો.

(૨) શ્રેષ્ઠીશ્રી નવીનચંદ્ર ડી. મહેતા તરફથી 'નવીન કોકિલ' ૧૧ મા એવોર્ડ માટેની હરિફાઈ માટે ટૂંકી વાર્તાઓ સન ૨૦૨૨ એપ્રિલથી ૨૦૨૩ માર્ચમાં કોઈપણ અખબાર, પત્રિકા તથા મેગેઝિનમાં પ્રસિદ્ધ થયેલ ટૂંકી વાર્તાની એક ઓરીજનલ કોપી તથા એક ઝેરોક્ષ કોપી મોકલી આપવી.

(૩) જૈન શ્રેષ્ઠી શ્રી મંગલ પ્રભાત લોઢા તરફથી લોઢા ફાઉન્ડેશન ૯મો એવોર્ડ ઊભરતા લેખકને આપવામાં આવશે.

(૪) જૈન શ્રેષ્ઠી શ્રીમતી જેઠીબેન ચીમનલાલ મૂલચંદભાઈ શેઠ થરાદનિવાસી તરફથી પાંચમાં એવોર્ડનો વિષય છે કવિતાની કૃતિ.

(૫) જૈન શ્રેષ્ઠી શ્રીમતી રેવાબેન તારાચંદ દોલચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પાંચમાં એવોર્ડનો વિષય છે- દસ વર્ષ જૂની પત્રિકા અથવા મેગેઝિન નિયમિત પ્રસિદ્ધ કરતાં હોય તેમને અરજી કરવી.

(૬) જૈન શ્રેષ્ઠી શ્રી સુરેશભાઈ યુ. પેથાણી તરફથી પેથાણી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટનો ત્રીજો એવોર્ડ જૈન પત્રકારને એનાયત કરવામાં આવશે.

(૭) સતિષભાઈ સુરાણા તરફથી દૈનિક અખબારના જૈન પત્રકારને એવોર્ડથી બહુમાન કરવામાં આવશે તેની જાહેરાત એવોર્ડ સમારંભમાં કરવામાં આવશે.

(૮) શ્રેષ્ઠી શ્રીમતી પિનલ સંજયભાઈ શાહ દ્વારા મેગેઝિન તથા પત્રિકાના શ્રેષ્ઠ તંત્રીલેખ માટેનો પ્રથમ એવોર્ડ આપવામાં આવશે.

(૯) શ્રેષ્ઠી શ્રી જવાહરભાઈ મોતીચંદ શાહ દ્વારા એક એવોર્ડ પાઠશાળાના શ્રેષ્ઠ શિક્ષકને તથા બીજો પ્રોત્સાહીત એવોર્ડ અન્ય એક શિક્ષકને આપવામાં આવશે.

આ નવ એવોર્ડની કૃતિઓ છેલ્લામાં છેલ્લી ૫ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી સ્વીકારવામાં આવશે.

(૧) આ સાથે તમારા લેખની એક ઓરીજનલ કોપી તથા એક ઝેરોક્ષ કોપી મોકલી આપવી. એકથી વધારે નકલ મોકલવી નહીં. (૨) તમારા લેખ, વાર્તા તથા તંત્રીલેખ સંસ્થાએ નક્કી કરેલ જજને સોંપવામાં આવશે અને તેનો નિર્ણય આખરી રહેશે. (૩) આ સાથે કયા એવોર્ડ માટે ભાગ લેવા કૃતિ મોકલો છો તે કેટેગરીના એવોર્ડનું નામ લખવું જરૂરી છે.

તમારા લેખો સંસ્થાની ઓફિસના સરનામે મોકલી આપવા વિનંતી.

**સરનામું : ૩/૧૩/૨૬ આર, નવજીવન સોસાયટી, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૮.**

## કોણ વિવેકહીન

ગુજરાતના એક ગામડામાં બપોરના વ્યાખ્યાન બાદ પશુઓના ડોક્ટર મળવા આવ્યા કેટલીક થયા બાદ મેં એમને પૂછ્યું કે ''પશુને તાવ આવે એની ખબર તમને શી રીતે પડે ?''

મહારાજ સાહેબ ! પશુની માંદગીની અમને ખબર પડવાની વાત તો પછી, પણ સૌથી પહેલાં એને જ ખબર પડી જાય છે, એને જ્યારે પણ માંદગી આવે ત્યારે એ તરત જ ખાવાનું બદ કરી દે અને જ્યાં સુધી સારું ન થાય ત્યાં સુધી એ ખાય નહિ. એની આ વિશેષતાથી એ જલદી માંદુ પડતું નથી અને કદાચ માંદું પડી જાય તો ય જલદી સાજુ થયા વિના રહેતું નથી !'' ડોક્ટરે જવાબ આપ્યો.

પશુની આ વિશેષતા સાથે આજના માનવને સરખાવવા જેવો છે, ગમે ત્યારે અને ગમે તેવું ખાવા તૈયાર થઈ જતો આજનો માનવ જાણે કે હાલતી ચાલતી હોસ્પિટલ જેવો બની ગયો છે. કાયમ માંદો...કાયમ દવા ખાતો... કાયમ ડૉક્ટરના બીલ ભરતો... અકાળે વૃદ્ધાવસ્થા નોતરતો ! ઓહ ! કેવી કરુણતા ! જોવો હોય આજના ખાઉધરા માનવને તો મુંબઈની ખાઉધરી ગલીમાં પહોંચી જ જો - બધોય ખ્યાલ આવી જશે.

❖❖❖

## વિવિધ અભ્યાસક્રમમાં યશસ્વીપૂર્ણ ઉત્તીર્ણ થયાં : અનુપમ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન

**B.Tech Electro. Engineer (May 2022) 7.34 Pointer**



**રાહીલ જીગેશ શાહ**

પિતા : શ્રી જીગેશ જયંતીલાલ શાહ
માતા : અલ્પા
વતન : જોરાવરનગર
હાલ : કાંદિવલી (વે.)

**CA Pass 55.87% (800/447)**



**સ્મીત અલ્પેશભાઈ શાહ**

પિતા : શ્રી અલ્પેશ રસિકલાલ શાહ
માતા : ભક્તી
વતન : વિરમગામ
હાલ : ઘાટકોપર (વે.)

**C S Pass 54.44% (900/490)**



**ખુશ્બુ જયેશભાઈ શાહ**

પિતા : શ્રી જયેશ રસિકલાલ શાહ
માતા : નીતા
વતન : વિરમગામ
હાલ : કુર્લા

**Dip. in Computer Engi. 84.12%**



**પરમ ચિંતન શેઠ**

પિતા : શ્રી ચિંતન નરેન્દ્ર શેઠ
માતા : દિપાલી
વતન : હમાપર (બોટાદ)
હાલ : મલાડ (વે.)

---

**Bsc. Data Science 92%**



**વિદિત પરેશ શેઠ**

પિતા : શ્રી પરેશ પ્રકાશ શેઠ
માતા : વૈભવી
વતન : નાનાકેરાળા (વઢવાણ)
હાલ : કાંદિવલી (વે.)

**Physiotherapy Final Year 76.25% (610/800)**



**આશના વિપુલ શાહ**

પિતા : શ્રી વિપુલ પ્રવિણચંદ્ર શાહ
માતા : સોનાલી
વતન : ચોટીલા (સુરેન્દ્રનગર)
હાલ : ઘાટકોપર (ઈ.)

**HSC Board (12th) 91.67%**



**ક્રિશા પ્રિતેષ ગોસલિયા**

પિતા : શ્રી પ્રિતેશ એમ ગોસલિયા
માતા : નેહા
વતન : દેદાદરા
હાલ : મલાડ

**HSC Board (12th) 91%**



**નિયતી જતીન ગાંધી**

પિતા : શ્રી જતીન સનતકુમાર ગાંધી
માતા : નયના
વતન : બોટાદ
હાલ : કલ્યાણ (વે.)

---

**HSC Board (12th) 89.17%**



**યશ સુરેશ બારભાયા**

પિતા : શ્રીસુરેશ છોટાલાલ બારભાયા
માતા : નમિતા
વતન : બોટાદ
હાલ : નાલાસોપારા

**HSC Board (12th) 89%**



**સાહિલ રાકેશ ગોપાણી**

પિતા : શ્રી રાકેશ ગોપાણી
માતા : મમતા
વતન : રાણપુર
હાલ : બોરીવલી (વે.)

**HSC Board (12th) 85.33%**



**લબ્ધી જયમીન શાહ**

પિતા : શ્રી જયમીન શાહ
માતા : સંધ્યા
વતન : શિયાણી
હાલ : વાશી-નવી મુંબઈ

**HSC Board (12th) 82%**



**સિદ્ધી કેતન દોશી**

પિતા : શ્રી કેતન ગુણવંતલાલ દોશી
માતા : પ્રેરણા
વતન : દેદાદરા
હાલ : નાલાસોપાર (ઈ)

# વિવિધ અભ્યાસક્રમમાં યશસ્વીપૂર્ણ ઉત્તીર્ણ થયાં : અનુપમ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન

**ICSE Board (10th)**
**98.83%**



**આદિ સુહાસ શાહ**
પિતા : શ્રી સુહાસ એચ. શાહ
માતા : બિંદુ
વતન : રામપુરા
હાલ : કાંદિવલી (વે.)

**ICSE Board (10th)**
**98.71%**



**જૈનમ સંજય ગાંધી**
પિતા : શ્રી સંજય અરવિંદ ગાંધી
માતા : સેજલ
વતન : ચુડા
હાલ : કાંદિવલી

**ICSE Board (10th)**
**96.40%**



**ધ્રુવિલ રોહિત ગોસલિયા**
પિતા : શ્રી રોહિત ભરત ગોસલિયા
માતા : તોરલ
વતન : ચૂડા
હાલ : અંધેરી (વે.)

**ICSE Board (10th)**
**(Science) 95.20%**



**અક્ષત નિરવ શાહ**
પિતા : શ્રી નિરવ ચંદ્રકાન્ત શાહ
માતા : જીજ્ઞા
વતન : બરવાળા (ઘેલાશાહ)
હાલ : વસઈ (વે.)

---

**ICSE Board (10th)**
**92.83%**



**નિશી પરેશ શેઠ**
પિતા : શ્રી પરેશ પ્રકાશ શેઠ
માતા : વૈભવી
વતન : નાનાકેરાળા (વઢવાણ)
હાલ : કાંદિવલી (વે.)

**I.C.S.E Board (10th)**
**92%**



**પાર્થ કેયુર શાહ**
પિતા : શ્રી કેયુર પુનમચંદ શાહ
માતા : સરજુ
વતન : વઢવાણ
હાલ : વાળકેશ્વર

**ICSE Board (10th)**
**92%**



**જય સુમિત શાહ**
પિતા : શ્રી સુમિત મહેન્દ્ર શાહ
માતા : બિનિતા
વતન : લીંબડી
હાલ : મલાડ (વે.)

**I.C.S.E Board (10th)**
**91%**



**આરવ જીગર શાહ**
પિતા : શ્રી જીગર મહેશ શાહ
માતા : શાલીની
વતન : સાયલા
હાલ : ઘાટકોપર

---

**CISE Board (10th)**
**96%**



**ધ્રુવી વિરલ લુખી**
પિતા : શ્રી વિરલ અરવિંદ લુખી
માતા : નિધી
વતન : વઢવાણ
હાલ : ચિંચપોકલી

**C.B.S.E Board (10th)**
**95.20%**



**પર્લ કેતન ડેલીવાલા**
પિતા : શ્રી કેતન ભીખાલાલ ડેલીવાલા
માતા : જલ્પા
વતન : શીયાણી

**C.B.S.E Board (10th)**
**94%**



**ક્રિશા બ્રિજેશ શાહ**
પિતા : શ્રી બ્રિજેશ પુનમચંદ શાહ
માતા : હેમાલી
વતન : વઢવાણ
હાલ : વાળકેશ્વર

**SSC Board (10th)**
**95.40%**



**ઋત્વી મેહુલ સંઘવી**
પિતા : શ્રી મેહુલ વિનોદચંદ્ર સંઘવી
માતા : નીપા
વતન : સુરેન્દ્રનગર
હાલ : બોરીવલી

## વિવિધ અભ્યાસક્રમમાં યશસ્વીપૂર્ણ ઉત્તીર્ણ થયાં : અનુપમ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન

SSC Board (10th)
94.40%



**ઉર્જિતા સમીર મહેતા**

પિતા : શ્રી સમીર ધીરજલાલ મહેતા
માતા : દર્શિતા
વતન : બોટાદ
હાલ : વિરાર

SSC Board (10th)
94.0%



**હર્ષ આનંદ શાહ**

પિતા : શ્રી આનંદ શાહ
માતા : ભાવિના
વતન : લીંબડી
હાલ : કાંદીવલી

SSC Board (10th)
91.80%



**જૈનમ મિત્તલકુમાર દોશી**

પિતા : શ્રી મિત્તલકુમાર પુનમચંદ દોશી
માતા : કાનન
વતન : રાણપુર
હાલ : બોરીવલી (ઈ)

SSC Board (10th)
91%



**નિરાવી જિગ્નેશ શાહ**

પિતા : શ્રી જિગ્નેશ શાહ
માતા : મેઘના
વતન : બોટાદ
હાલ : બોરીવલી

SSC Board (10th)
90%



**શ્રેયાંસ હિતલ સંઘવી**

પિતા : શ્રી હિતલ જી. સંઘવી
માતા : અશિતા
વતન : જોરાવરનગર
હાલ : કાંદીવલી (વે.)

SSC Board (10th)
88.80%



**જેનિલ મેહુલ શાહ**

પિતા : શ્રી મેહુલ એન. શાહ
માતા : બીનિતા
વતન : લખતર
હાલ : બોરીવલી

SSC Board (10th)
86.40%



**મૈત્રી જિગ્નેશ શાહ**

પિતા : શ્રી જિગ્નેશ વી. શાહ
માતા : સેજલ
વતન : ધ્રાંગધ્રા
હાલ : બોરીવલી

SSC Board (10th)
82.60%



**ધૈર્ય ચિંતન શેઠ**

પિતા : શ્રી ચિંતન એન. શેઠ
માતા : દિપાલી
વતન : બોટાદ
હાલ : મલાડ (વે.)

## સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

સ્વ. શ્રીમતી નીનાબેન રાજેશભાઈ શાહના સ્મરણાર્થે હસ્તે મિત, કુંજલ, મિતેષ શાહ - ઘાટકોપર.
મનન, દેવાંશુ, શિતલ, ભાવિનકુમાર શાહ - (U.S.A)
શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ

| | |
|---|---|
| એજ્યુકેશન ફંડ | ૧,૦૦,૦૦૦/- |
| આધારસ્તંભ | ૧૧,૦૦૦/- |
| | **૧,૧૧,૦૦૦/-** |

ચુડા નિવાસી શ્રી કિશોરભાઈ ધીરજલાલ ગોસલીયાની તૃતિય પુણ્યતિથિ નિમિત્તે હસ્તે આરતીબેન કિશોરભાઈ ગોસલીયા (હાલ - મલાડ)
શ્રી સી.યુ.શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ ૨૧૦૦૦/-

બોટાદ નિવાસી હાલ-મુંબઈ સ્વ. મહાસુખભાઈ હરગોવનદાસ - ગોપાણી તારીખ ૨૮-૨-૨૦૨૩ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમના સ્મરણાર્થે હસ્તે ઉર્મિલ ગોપાણી તરફથી
શ્રી સી.યુ.શાહ તબીબી રાહત ફંડ ૫૫૦૦/-
શ્રીમતી કંચનબેન વૃજલાલ શેઠ નોટબુક યોજના ફંડ ૫૫૦૦/-

કુમારી લબ્ધી જયમીન શાહના ૧૨ માં ધોરણમાં ઉર્તીણ થયાની ખુશાલીમાં હસ્તે ગીતાબેન અરવિંદકુમાર મનસુખલાલ શાહ સિયાણી નિવાસી (હાલ - નવી મુંબઈ વાશી) ૫૦૦/-

# વેવિશાળ

**હર્શિત** **જીનલ** વરપક્ષ કન્યા પક્ષ
શ્રી અતુલભાઈ રસીકલાલ શાહના સુપુત્ર નાગનેશ નિવાસી (હાલ - પૂના)
શ્રી ઉપેનભાઈ જયંતિલાલ શાહની સુપુત્રી સાયલા નિવાસી (હાલ - કાંદિવલી) ૧૫૦૧ ૧૫૦૧

**નેમિલ** **પુજા**
શ્રી વિજયભાઈ કાન્તીલાલ શાહના સુપુત્ર જોરાવરનગર નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રી વિરેનભાઈ નગીનભાઈ સલોતની સુપુત્રી ઊમરાળા નિવાસી (હાલ - મુલુન્ડ) ૧૦૦૦ ૧૦૦૦

**આદિત્ય** **આશી**
શ્રી કલ્પેશભાઈ માનેકલાલ શાહના સુપુત્ર રળોલ (લીંબડી) નિવાસી (હાલ -મલાડ)
શ્રી લલીતભાઈ રમેશભાઈ મેદાણીની સુપુત્રી ઘાનેરા નિવાસી (હાલ -સુરત) ૫૦૧ ૫૦૧

**પૂજન** **ખુશ્બુ**
શ્રી ધીમંતભાઈ નંદલાલ ખંધારના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રી રાજેન્દ્રભાઈ મણીલાલ મહેતાની સુપુત્રી મોરબી નિવાસી (હાલ - બોરીવલી) ૫૦૧ ૫૦૧

**મીતુલ** **નિતી**
શ્રી અશોકભાઈ પ્રવિણચંદ્ર પારેખના સુપુત્ર ગોંડલ નિવાસી (હાલ - ગોરેગામ)
શ્રી ભાવેશભાઈ પારસલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - વિલેપાર્લા) ૫૦૧ ૫૦૧

**મીત** **શ્રદ્ધા**
શ્રી હર્ષદરાય રમણીકલાલ શાહના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - ભાયંદર)
શ્રી નિખિલભાઈ રમેશચંદ્ર દોશીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) ૫૦૧ ૫૦૧

**પૂરવ** **ડૉ રિધ્ધી**
શ્રી રાજેશભાઈ જયંતિલાલ મહેતાના સુપુત્ર ખાંભા નિવાસી (હાલ - ચુનાભટ્ટી)
શ્રી દિપકભાઈ સૂર્યકાન્તભાઈ દોશીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - વિલેપાર્લા) ૫૦૧ ૫૦૧

**યશ** **સાક્ષી**
શ્રી વિનોદભાઈ ચીમનલાલ જગડાના સુપુત્ર ગોંડલ નિવાસી (હાલ - દહીંસર)
શ્રી જયેશભાઈ અમીચંદભાઈ ગાંધીની સુપુત્રી પાળીયાદ નિવાસી (હાલ - દહીંસર) ૫૦૧ ૫૦૧

**દર્શીલ** **હિરલ**
શ્રી કીર્તિકુમાર મણીલાલ કોઠારીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - બોરીવલી)
શ્રી રાજનભાઈ રમેશભાઈ ગાંધીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - અંધેરી) ૫૦૧ ૫૦૧

**જય** **નિધી**
શ્રી અક્ષયભાઈ હિરાલાલ મિરાણી ના સુપુત્ર આમરણબેલા નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રી ભાવેશભાઈ વસંતલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - ભાયંદર) ૫૦૦ ૫૦૦

**જય** **જીનલ**
શેઠશ્રી મનોજભાઈ પ્રતાપરાય મહેતાના સુપુત્ર ચિંતલ નિવાસી (હાલ -મુલુંડ)
શેઠશ્રી નીરવભાઈ વ્રુજલાલ શાહ (નાવડાવાળા)ના સુપુત્રી નાવડા નિવાસી (હાલ- ઘાટકોપર) ૧૦૦૦ ૧૦૦૦

**ભાવિકકુમાર** **રૂચિબેન**
શ્રી પ્રદિપભાઈ હરસુખભાઈ મહેતાના સુપુત્ર જામવંદાલી નિવાસી (હાલ - દાદર)
શ્રી પરિમલભાઈ હસમુખલાલ શાહની સુપુત્રી લીંબડી ખંભલાવ નિવાસી (હાલ - ઘાટકોપર) ૧૧૦૧ ૧૧૦૧

# પ્રભુતામાં પગલાં

**હર્શિત -જીનલ**
શ્રી અતુલભાઈ રસીકલાલ શાહના સુપુત્ર નાગનેશ નિવાસી (હાલ - પૂના)
શ્રી ઉપેનભાઈ જયંતિલાલ શાહની સુપુત્રી સાયલા નિવાસી (હાલ - કાંદિવલી) ૫૦૧૧ ૫૦૧૧

**શ્રેણિક-ચૈતાલી**
શ્રીમતી શૈલાબેન વિજયભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર સાણંદ નિવાસી (હાલ - મુલુન્ડ)
શ્રીમતી વિભાબેન કેતનભાઈ મનસુખલાલ ડેલીવાળાની સુપુત્રી ભાવનગર નિવાસી (હાલ - મીરારોડ) ૧૦૦૧ ૧૦૦૧

# અનોખી વિદાય

પ્રદ્યુમન રાય અને ગીરીસુતા જોષીપુરા, પોરબંદરના એક સાધારણ કહી શકાય તેવા વિસ્તારમા રહેતું એક અનોખું દંપતી. અનોખું એટલા માટે કે આ દંપતી ને અનોખી શારીરિક ખોટ હતી. પ્રદ્યુમન રાય ને જન્મથી પોલીઓ હતો, તેથી તેમના બન્ને પગ કામ નહોતા આપતા. તેમના પગ એટલે વ્હીલચેર. શારીરિક ખોટ હતી એટલે તેમણે લગ્ન પણ એવી વ્યક્તિ સાથે કર્યા જેને શારીરિક ખોટ હોય. ગીરીસુતા બેનની એક આંખ તેમના બાળપણમા એક અકસ્માત દરમ્યાન સંપૂર્ણપણે દ્રષ્ટિ વિહીન થઈ ગઈ હતી. પરંતુ આ શારીરિક ખોડખાંપણ હોવા છતાં તેમના પ્રેમમા કોઈ જ ઉણપ નહોતી. બન્ને જણા એકબીજા માટે જ સર્જાયેલા હોય તે રીતે એકબીજાનો સંપૂર્ણપણે ખયાલ રાખતા હતા. તેમના સુખી દામ્પત્ય જીવનના ફળસ્વરૂપે તેમને ઘરે એક દીકરીનો જન્મ થયો હતો, કૈરવી. ખૂબ જ સુંદર, ચબરાક અને સમજુ હતી કૈરવી. નાનપણથી જ તેણે તેના માં બાપ ને શારીરિક ખોટ મા જ જોયા હતાં એટલે તેનો ઉછેર પણ એવી રીતે જ થયો હતો. કુદરતી રીતે જ તેના મા અપાર સમજણશક્તિ હતી કે તે જ તેના માં બાપ નો એક માત્ર આશરો છે. આમ આ ત્રણેય જણ ના જીવન નું ગાડું ધીરી ગતી એ, પરંતુ ગબડયે જતું હતું.

દીવાલ ઉપર ટાંગેલી ઘડિયાળમા જો સેલ ના નાખો તો તેના કાંટા ફરતા અટકી જાય, પરંતુ કુદરત નિર્મિત ઘડિયાળ ને કોઈ સેલ ની જરૂર નથી હોતી.....તેના કાંટા તો બે રોક ફરતા જ રહે છે. કૈરવી મોટી થતી ગઈ. ભણવામાં મા ખૂબ જ હોંશિયાર હતી એટલે નિશાળ મા બધા જ શિક્ષકો ની માનીતી પણ હતી. પ્રદ્યુમન રાય ટપાલ ખાતા મા નોકરી કરતા હતા. સરકારી નોકરી હતી એટલે એવી કોઈ નાણાકીય



ચિંતા કે તાણ નહોતી. એક રિક્ષાવાળો બાંધી રાખ્યો હતો, જે રોજ સવારે આવી ને તેમને લઈ જાય અને સાંજે ઓફિસ છૂટવાના સમયે તેમને પાછો ઘરે મૂકી જાય. ગીરીસૂતા બેન ઘરે જ રહેતાં હતા. કૈરવી નિશાળ થી આવે એટલે તેને જમવાથી લઈ ને તેની નિશાળ ના ઘરકામ મા તેને મદદ કરતા હતા. કૈરવી છઠ્ઠા ધોરણમા ભણતી હતી એટલે ગીરીસૂતાબેન પણ તેને જરૂરિયાત પૂરતું તો ભણાવી શકતા હતા. સાદગી ભર્યું જીવન હતું એટલે બધું સમુસુતરું ઉતરતું જતું હતું.

બધું જ જો સરખી રીતે ચાલતું હોય તો પછી તે જીવન શેનું ? ઈશ્વર નામક બાઝીગર કોઈક ને કોઈક રીતે મનુષ્યની બાજી ઉલટાવી દેતો હોય છે. જીવન રૂપી શાળાની પરીક્ષા પણ કઠીન હોય છે. જીવન ના અનુભવો મનુષ્યનો અભ્યાસ ક્રમ અને તેની પરીક્ષા રૂપે કોઈક એવો પ્રસંગ આપી દે આ ઈશ્વર કે ત્યારે મનુષ્યની ચકાસણી થતી હોય છે કે તેણે તેના અનુભવો ઉપરથી શું શીખ્યું ? પ્રદ્યુમન રાય ના કિસ્સા મા પણ એવું જ કંઈક થયું. એક દિવસ બપોરે ગીરીસૂતા બેન બેઠા હતા અને ત્યાંજ અચાનક તેમનું ડાબું અંગ એકદમ ઝકડાઈ ગયું. જ્યાં બેઠા હતા ત્યાં જ તે પડી ગયા. તરત જ પ્રદ્યુમન રાય ને જાણ કરવામાં આવી. જ્યારે તે ઘરે પહોંચ્યા ત્યારે આડોશી પાડોશી આવી ગયા હતા. ડોક્ટર ને પણ બોલાવી લીધા હતા. ડોક્ટર એ એમ્બ્યુલન્સ બોલાવી અને ગીરીસૂતા બેન ને તેમની હોસ્પિટલે તાત્કાલિક ભરતી કરી દીધા. સઘન તપાસ પછી ડોક્ટરે નિદાન કર્યું કે ગીરીસૂતા બેન ને પક્ષઘાતનો હુમલો આવ્યો છે. તેમની સ્થિતિ અતિ નાજુક હતી. ડોક્ટર એ પ્રદ્યુમન રાય ને જાણ કરી કે આ હુમલો એટલો પ્રચંડ છે કે અત્યારની પરિસ્થિતિ મા કઈં જ કહી શકાય નહીં. બનતા બધા જ પ્રયત્નો કરવાનું આશ્વાસન આપી ને ડોક્ટરે પ્રદ્યુમન રાય ને રવાના કર્યા.

પ્રદ્યુમન રાય ઘરે પહોંચ્યા..... કૈરવી બારણાંમા જ ઊભી હતી. તે આ બધી ઘટના ની સાક્ષી હતી એટલે અતિશય ડઘાઈ ગઈ હતી. તે સીધી પ્રદ્યુમન રાય ને વળગી પડી...... 'પપ્પા, શું થયું છે મમ્મી ને ? ઘરે ક્યારે આવશે મમ્મી ? સાજી થઈ જશે ને મમ્મી ?' .....બાળસહજ પૂછાયેલા પ્રશ્નો નો જવાબ પ્રદ્યુમન રાય પાસે પણ નહોતો. તેમણે તેમના ઘર ના એક ખૂણા મા સ્થાપિત કરેલા એક મંદિર મા હીંચકા ઉપર ઝૂલતા બાળ કૃષ્ણ ની સામે નજર કરી....તેમનું નટખટ હાસ્ય ઘણું બધું કહી જતું હતું.....અને પ્રદ્યુમન રાય પણ તે હાસ્ય મા થી જવાબ શોધવાની કોશિશ કરી રહ્યા હતા..... 'દીકરા, મમ્મી ને સાચવવા વાળો જો અંદર બેઠો છે....ચિંતા ના કરીશ, બધું સારું થઈ જશે....હું છું ને ?' પ્રદ્યુમન રાય કૈરવી ના માથે ધીરે ધીરે હાથ ફેરવી રહ્યા હતા.... 'હું છું ને' કહેવાયેલું વાક્ય ભલે નીકળ્યું હતું પ્રદ્યુમન રાય ના મુખે થી પરંતુ તેને કહેડાવવા વાળો તો હીંચકા ઉપર ધીરે ધીરે ઝૂલી રહ્યો હતો... તેણે તો કંઈક બીજું

જ નિર્માણ કર્યું હતું.

આ તરફ ગીરીસૂતા બેન ની તબિયત એકદમ નાજુક થઈ ચૂકી હતી. ડોક્ટરે આશા છોડી દીધી હતી. પ્રદ્યુમન રાય પણ હવે હિંમત હારી ચૂક્યા હતા. અને જે ધાર્યું હતું તે ઘટી ને જ રહ્યું. ગીરીસૂતા બેન એ ટૂંકી માંદગી બાદ આ ફાની દુનિયા ને અલવિદા કહી ને અનંત યાત્રા એ પ્રયાણ કરી ચૂક્યા હતા. પ્રદ્યુમન રાય અને કૈરવી માટે આ કારમો આઘાત એક પક્ષઘાત જેવો જ હતો. અચાનક જ તેમના શાંત જીવન મા ધરતીકંપ આવ્યો હતો. જીવન ના બધા જ સમીકરણો હલી ગયા હતા. પરિસ્થિતિ આમ થી તેમ થઈ ચૂકી હતી. પ્રદ્યુમન રાય અચાનક જ કુદરતે રચેલી આ માયા જાળ મા બેવડી ભૂમિકા મા આવી ગયા. હવે તેમણે એક પિતા તથા માતાની ભૂમિકા ભજવવા ની આવી. કહે છે ને કે આ જીવન એક એવો રંગમંચ છે જેમા કોઈ જ સ્ક્રિપ્ટ નથી હોતી. જે રીતે પ્રસંગો આવે તે રીતે તમારે ભજવતા જવાનું અને એમા કોઈ રિહર્સલ કે પૂર્વ તૈયારી નથી હોતી. પ્રદ્યુમન રાય પણ આવી જ એક સ્થિતિ મા આવી ગયા હતા. હવે શું કરવું ? નોકરી પણ ચાલુ હતી, કૈરવી ને ભણાવી ગણાવી ને મોટી કરવાની હતી, ઘર ચલાવવાનું હતું ઉપરાંત રોજિંદા ખર્ચા....ભલે ઘર મા થી એક વ્યક્તિ ઓછી થઈ ગઈ પણ જવાબદારી અનેકગણી વધી ગઈ. આ બધા સવાલો એ પ્રદ્યુમન રાય ના મગજ ઉપર એકસાથે હુમલો કર્યો. તે ઉપરાંત કૈરવી ને પણ સંભાળવાની હતી. આટલી નાની ઉંમર મા જ તેની ઉપર થી માં નું છત્ર છીનવાઈ ગયું હતું. દીકરી ની નજીક ની મિત્ર તરીકે જેની ગણના થાય છે તે માં જ હવે તેની પાસે નહોતી. પ્રદ્યુમન રાય માટે આ પણ એક મોટો પડકાર હતો. વ્હીલચેર ના ટેકે ટેકે પ્રદ્યુમન રાય તેના ઘર મા આવેલા મંદિર નજીક ગયા અને પ્રશ્નાર્થ નયને કનૈયા સમક્ષ જોયું...... 'બોલ....હવે શું હુકમ છે ? તેં જ આ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે, હવે તું જ રસ્તો કાઢ'....પ્રદ્યુમન રાય જાણે કે બાલકૃષ્ણ સાથે મનોમન વાર્તાલાપ કરતા હતા.....પેલો કાળિયો તો બસ...તેની મસ્તી મા ઝૂલા ઉપર ઝૂલતો ઝૂલતો તેનું મનમોહક હાસ્ય વેરી રહ્યો હતો....અને પ્રદ્યુમન રાયે પોતાની વ્હીલચેર ના પાછી વાળી.....કદાચ તેમને ઉપાય મળી ગયો હતો.....

બીજે દિવસે પ્રદ્યુમન રાયે તેમની ઓફિસ મા વી.આર.એસ. ની અરજી કરી દીધી. એક બે દિવસ પછી તેમના મુખ્ય કાર્યાલય મા થી જવાબ આવી ગયો. તેમની અરજી નામંજૂર થઈ હતી. પ્રદ્યુમન રાય પહેલે થી જ ખૂબ જ કાર્ય નિષ્ઠ હતા, કામ પ્રત્યે ખૂબ ઈમાનદાર હતા અને તેમની સાથે કામ કરતા લોકો મા પણ પ્રતિષ્ઠિત નામ ધરાવતા હતા. તેમને તેમની ઓફિસ મા થી એક ગોઠવણ કરી આપવામા આવી. પ્રદ્યુમન રાયે બપોર સુધી પોસ્ટ ઓફિસ મા ફરજ બજાવવાની અને ત્યાર બાદ જે થોડું ઘણું કામ હોય તે ઘરે થી કરી શકે. આ ગોઠવણ થી પ્રદ્યુમન રાય કૈરવી નું પણ ધ્યાન રાખી શકે અને ઓફિસ નું પણ કામ કરી શકે. કાનો હજી પણ ઝૂલતો ઝૂલતો મધુર હાસ્ય વેરી રહ્યો હતો...

સેલ વગર ની ઘડિયાળ ના કાંટા ફરી રહ્યા છે તેની ગતી થી. પ્રદ્યુમન રાય અને કૈરવી પણ એ કાંટા ની દોરવણી થી દોરાઈ ને આગળ વધી રહ્યા છે. કૈરવી હવે એક બાળકી મા થી યુવતી થઈ ચૂકી છે. કૉલેજ ના છેલ્લા વર્ષ મા અભ્યાસ કરતી હતી. પ્રદ્યુમન રાય પણ હવે નિવૃત્તિ ના આરે હતા. ગીરીસૂતા બેન પણ આ બધું એક દિવાલ ઉપર ગોઠવેલી તસ્વીરમા થી સસ્મિત ચહેરે આ બધું નિરીક્ષણ કરી રહ્યા હતા. કૈરવી પણ કૉલેજ પૂરી કરી ને આગળ અભ્યાસ કરવા ઈચ્છતી હતી. પ્રદ્યુમન રાયે તેના ભણતર મા કોઈ પણ પ્રકાર ની બાંધછોડ નહોતી કરી.

સમય પણ ઝરણાં પેઠે સરતો રહ્યો. કૈરવી પણ એમ.બી. એ. નો અભ્યાસ પૂર્ણ કરી ને સારી નોકરી ની શોધ મા હતી. આ બાજુ પ્રદ્યુમન રાય પણ નિવૃત્ત થઈ ચૂક્યા હતા. હવે પ્રદ્યુમન રાય ને એક જ ચિંતા હતી અને તે કૈરવી માટે યોગ્ય મુરતિયો શોધી ને પરણાવવાની. કૈરવી ને એક બે વખત આડકતરી રીતે પ્રદ્યુમન રાયે પૂછી જોયું હતું કે જો કોઈ યોગ્ય પાત્ર તેની જાણ મા હોય તો, પરંતુ કૈરવી એ કશો પ્રતિભાવ નહોતો આપ્યો. અને એક દિવસ સાંજે પ્રદ્યુમન રાય ના ઘર ની ડોર બેલ રણકી ઊઠી. કૈરવી એ બારણું ઉઘાડ્યું. સામે જ એક સહેજે ૬૦-૬૨ વર્ષ ના સજ્જન ઉભા હતા.....

'પ્રદ્યુમન રાય નું ઘર આજ ને ? હું જનાર્દન બક્ષી....શું હું તેમને મળી શકું ?' અતિ નમ્રતા થી તેમનો પરિચય આપી ને હાથ જોડી ને જનાર્દન બક્ષી ઉભા રહ્યા..... 'અરે...આવો ને....પપ્પા ઘરે જ છે'.... કૈરવી એ પણ એક ખૂબ જ વિનમ્રતાથી તેમને આવકાર્યા. દીવાનખંડ મા એક નાના સોફા ઉપર તેમને બેસાડ્યા અને કૈરવી બીજા ઓરડા મા થી પ્રદ્યુમન રાય ને લઈ ને આવી. પરસ્પર નમસ્કાર ની મુદ્રા મા હાથ જોડી ને બન્ને વડીલો સામ સામે બેઠા....વાર્તાલાપ ની શરૂઆત જનાર્દન બક્ષી એ કરી... 'હું જનાર્દન બક્ષી, ભારતીય સ્ટેટ બેંક મા શાખા પ્રબંધક તરીકે નિવૃત્ત થયો છું. છાયા પ્લોટ મા રહીએ છીએ. મારા કુટુંબમા હું અને મારો એક નો એક દીકરો નિનાદ. મારા ધર્મપત્ની નો ૫ વર્ષ પહેલાં જ સ્વર્ગવાસ

